(મુંબઈ ઇલાકાના અને વડોદરા રાજ્યના કેળવણી ખાતાએ
શાળાઓમાં ચોપડી તથા ઇનામ માટે મંજુર કરેલું.)

પુત્રીશિક્ષા

બનાવનાર તથા

છગનલાલ ઠાકોરદાસ મોદી, બી. એ.

રિટા૦ ડે૦ એજ્યુ૦ ઇ૦ ઇન્સ્પેક્ટર વડોદરા રાજ્ય

આવૃત્તિ આઠમી

સંવત્ ૧૯૭૯ ઇ. સ. ૧૯૨૩

કિંમત પાંચ આના.

(મુંબઈ ઇલાકાના અને વડોદરા રાજ્યના કેળવણી ખાતાએ
શાળાલાઇબ્રેરી તથા ઇનામ માટે મંજુર કર્યું.)

પુત્રીશિક્ષા

ભાષાન્તર કર્તા

છગનલાલ ઠાકોરદાસ મોદી, બી. એ.

રિટાયર્ડ એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર, વડોદરા રાજ્ય

આવૃત્તિ આઠમી.

સુરત.

સંવત ૧૯૭૯ ઈ. સ. ૧૯૨૩

કિમ્મત પાંચ આના.

Printed by Chunilal Bhaidas at the 'New Sodagar" Printing Press, at Balaji Road–Surat.

ભાષાંતર કર્ત્તાની પ્રસ્તાવના

વડોદરા રાજ્યના છોકરાઓમાં તેમજ છોકરીઓમાં કેળવણીનો બહોળો ફેલાવો થાય તેવી રાજ્યના અધિપતિ શ્રીમંત સરકાર મહારાજા સાહેબ શ્રી સયાજીરાવની ઘણી ઇચ્છા હોવાથી, તથા ગુજરાતી ભાષામાં સ્ત્રી વર્ગને ઉપયોગી થાય તેવાં પુસ્તકો ગણ્યાં ગાંઠ્યાં હોવાથી, તેવાં પુસ્તકોની વૃદ્ધિ કરવાનો ઇરાદો આ રાજ્યના દેશી કેળવણી ખાતાનો છે. દેશી કેળવણી ખાતાની સૂચના અને આશ્રયથી આ પુસ્તક બહાર પાડવામાં આવ્યું છે. આ પુસ્તક હિંદી ભાષામાં છપાયલા " પુત્રીશિક્ષોપકારી ગ્રંથ " નું ભાષાંતર છે. મૂલ ગ્રંથના કેટલાક ભાગમાં ફેરફાર કરવાની જરૂર જણાયાથી તે પ્રમાણે કરેલુ છે. આ ગ્રંથમાં આપેલી કવિતા હિંદી ઉપરથી કવિ કાશીશંકર મૂળશંકરે બનાવી આપી છે, તેથી તેમનો ઉપકાર થયો છે.

વડોદરા,
ચૈત્રી પુર્ણિમા
સં. ૧૯૪૯

છગનલાલ ઠાકોરદાસ મોદી.

બીજી આવૃત્તિની પ્રસ્તાવના

આ પુસ્તક વિષે પ્રતિષ્ઠિત ગૃહસ્થોએ અને વર્તમાન પત્રોએ આપેલા મત ઉપરથી તથા એની પહેલી આવૃત્તિ નવ માસની અંદર ખપી ગઇ છે, તે ઉપરથી સહજ અનુમાન થઇ શકે છે કે, લોકોને એ પસંદ પડ્યું છે. કેટલાક મિત્રોની સૂચના મુજબ આ આવૃત્તિમાં ઉપયોગી સુધારો કરવામાં આવ્યો છે.

વસંત પંચમી
સં ૧૯૪૭ } છગનલાલ ઠાકોરદાસ મોદી.

પુત્રીશિક્ષા

નાની ઉમરવાળાં સૌને કથા કહાણી સાંભળી ઘણો આનંદ થાય છે એ વાત સર્વેને જાણીતી છે. તેટલા સારુ આ પુત્રીશિક્ષા નામનો ગ્રંથ છોકરીઓના ઉપદેશ માટે ઘણો ઉપયોગી સમજી બનાવ્યો છે. આ ગ્રંથના ચાર અધ્યાય છે. દરેક અધ્યાયમાં જુદી જુદી અવસ્થાને લાગુ પડે તેવું, હિંદુ સ્ત્રીઓના રોજના વ્યવહારનું વર્ણન કરેલું છે. વળી સાધારણ વાતચિતમાં બોલાની સહેલી ભાષા આ ગ્રંથમાં વાપરી છે.

દોહરો

વંદુ પ્રભુનાં પદકમળ, જે જગ મૂળ જણાય;
નેહનજર* જેની થતાં, રંક થાય છે રાય. ૧

દયાદૃષ્ટિ કરી હે પ્રભુ, વિમલ બુદ્ધિ ને જ્ઞાન;
કરો મનોરથ સિદ્ધ મુજ, દીનબંધુ ભગવાન. ૨

ગુણગ્રાહકતા† દેખીને, વધ્યો ઉર ઉલ્લાસ;
મતિ પ્રમાણે કવિ કરે, ગુણ પ્રભુતણા પ્રકાશ. ૩

પુત્રીના ભણવા થકી, સુધરે છે સંસાર;
કરીશું કથા પ્રસંગનું, વર્ણન વિવિધ પ્રકાર. ૪

કઠણ ગ્રંથ રચવા થકી, સમજે નહિ મન બાળ;
ભૂલ સુધારી વાંચજો, ધરી વિદ્વાન વહાલ. ૫

---

* સ્નેહયુક્ત નજર—સ્નેહથી ભરેલી નજર. † ગુણની પીછાન.

અધ્યાય ૧ લો

નર્મદાતીરે આવેલા ભરુચ શહેરમાં ધરમદાસ નામનો એક વાણીઓ રહેતો હતો. તે ઘણો ધનવાન હતો; તેમજ મોટો ધર્મિષ્ઠ તથા ઘણો સગુણી પણ હતો. એની સ્ત્રી સુલક્ષણા ઘણી ચતુર, ડાહી અને રૂપગુણનો ભંડાર હતી, તેમ પતિવ્રતાનો ધર્મ શો છે, તે પણ સારી રીતે જાણતી હતી. તેને કળાવતી નામની પુત્રી થઇ ત્યારથી તેને શીખવવાના હેતુથી તે ચતુર સ્ત્રીએ પહેલાંથીજ ૪૬ રમકડાં રાખ્યાં, અને દરેક રમકડા ઉપર તેના નામનો એકેક પહેલો અક્ષર અનુક્રમ- વાર લખ્યો. જ્યારે તે છોકરી રમવા જોગ થઇ ત્યારે તેને આ ૪૬ રમકડાંવતી તે રોજ રમાડતી અને મૂળાક્ષરના અનુક્રમ પ્રમાણે દરેક રમકડાનું નામ બતાવતી જતી. આ પ્રમાણે કરવાથી થોડા દિવસ વીત્યા. એટલામાં તે છોકરી સઘળાં રમકડાંનાં નામ જાણી ઘણી સારી રીતે મૂળાક્ષરના સઘળા અક્ષરો ઓળખવા લાગી. ત્યાર પછી સુલક્ષણાએ એક નાની ચોપડી લઇ તેમાંથી શીખવવાનું શરૂ કીધું ને તેમાંથી તે રોજ ભણાવતી હતી. એક દિવસ કળાવતીને પાઠ યાદ રહ્યો નહોતો, તેથી તેને સુલક્ષણા માર મારતી હતી. એટલામાં તેના બાપ ધરમદાસ શેઠ દુકાનેથી ઘેર આવી પહોંચ્યા. ને પોતાની દીકરીને રડતી જોઈ પોતાની સ્ત્રીને તેના રડવાનું કારણ પૂછ્યું ને કહ્યું કે એને શું કરવાને દુઃખ દો છો? શેઠાણીએ ઘણી નરમાશથી ઉત્તર આપ્યો કે, પ્રાણનાથ! વિદ્વાનનું વચન છે કે:—

દોહરો

કદી દુ:ખ પામ્યા વિના, ગુણ પામે નહિ કોય:
વધ બંધન જેમ ફૂલ સહે, તો *ગુણવાળું હોય. ૬

અને વળી એમ કહ્યું છે કે:—

દોહરો

લાડવડે અવગુણ લહે. શુભ માત આપે માર:
તેથી બાળક તાડીએ. લાડ ન ગુણ કરનાર ૭

જે માણસ આ વચન ધ્યાનમાં રાખતો નથી, તે ચંદ્રશંકર પાઠકની માફક દુ:ખી થઈ આખરે પસ્તાય છે. શેઠે પૂછ્યું કે એ શી રીતે ? ત્યારે શેઠાણી મધુર વચનથી બોલી કે. આપ ધ્યાન રાખીને સાંભળો, તે વાત હું કહું છું.

અમદાવાદ શહેરમાં ચંદ્રશંકર પાઠક નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. તેના ઘરમાં ધન બહુ હતું. તોપણ પેટે એક પણ સંતાન ન હોવાથી તેની સ્ત્રી કમળાવતીનો જીવ હંમેશાં ઊંચો ને ઊંચો રહેતો હતો. કહ્યું છે કે—પુત્ર વગરનાનું ઘર સૂનું, વિદ્યા રહિતનું હૃદય સૂનું, ને દરિદ્રીનું સઘળું સૂનું. આ બેઉ સ્ત્રી પુરુષ હરહંમેશ ઇશ્વરની સ્તુતિ કર્યા કરતાં કે "હે સર્વશક્તિમાન ઇશ્વર! અમારાપર દયા કરી અમને એક બાળકનું સુખ દેખાડવાની કૃપા કર કે, જેથી અમારૂં વાંઝયા મહેણું ટળે." કેટલાક દિવસ વીત્યા એટલે ઈશ્વરકૃપાથી એમને એક પુત્રી થઇ. તે ઘણી રૂપવાન હતી. તેનું નામ તેમણે રત્નગવરી પાડયું. આ પુત્રી તેમને ઘણી મોટી ઉમ્મરે મહા કષ્ટે થઇ હતી, તેથી તેઓ એને લાડ લડાવતાં હતાં અને તેને શિખવવા ઉપર પણ ધ્યાન આપતાં નહોતાં. જ્યારે એ કન્યા પરણાવવા જોગ થઇ ત્યારે

* દોરી.

તેનો વિવાહ કરવાની ફિકરમાં તેઓ પડ્યાં. યોગ્ય વરની ખોળ કરવા ચંદ્રશંકર પરદેશ નીકળી પડ્યા. તે ફરતાં ફરતાં પાટણ શહેરમાં જઇ પહોંચ્યા. અહીંઆં સોમનાથ નામનો એક મહાધનવાન પણ્ડિત રહેતો હતો, તેને વિદ્યાનંદ નામનો એક પુત્ર હતો; તે ઘણો શીળો, ખીલતી જુવાનીમાં આવેલો અને રૂપવાન હતો. વળી તે સઘળી વિદ્યા ભણેલો હતો. એનાં શીળ, ગુણ અને ચતુરાઇ જોઇને ચંદ્રશંકર મોહ પામ્યા. તેથી સોમનાથને વિનંતિ કરી તેણે જણાવ્યું કે, હું મારી પુત્રી આપના પુત્રને આપવાની ઇચ્છા રાખું છું. સોમનાથે કહ્યું, જેવી આપની મરજી; હું આપના વિચારની વિરુદ્ધ જઇ શકનાર નથી; કેમકે આપના શીળ અને ગુણની પ્રશંસા સાંભળી આપનાં દર્શન માટે હું ઘણી ઉમેદ રાખતો હતો. કહ્યું છે કેઃ—

દોહરો

સુજન સુજનને જોઇને, મન સંતોષી થાય;
જોઇ ચકોરી ચન્દ્રને, જ્યમ મનમાં મલકાય. ૮

આપનાં દર્શનથી મારૂં ચિત્ત ઘણુંજ પ્રસન્ન થયું છે. ચંદ્રશંકર બોલ્યા, આપનાં દર્શનથી હું મારો જન્મ સફળ થયો ગણું છું ચંદ્રશંકરે નાળિયેર ને પાનનાં બીડાં આપી વિદ્યાનંદની સાથે પોતાની પુત્રીનો વિવાહ કીધો,અને ઘેર આવી લગ્નની તૈયારી કરવા માંડી. પછી શુભ મુરત લઇ જાનને તેડાવી તેણે પોતાની પુત્રીનાં લગ્ન કીધાં, અને અનેક પ્રકારનાં દાન, વસ્ત્ર અને દાસીઓ આપી પુત્રીને તથા જાનને વિદાય કીધી. કેટલેક દીવસે જાન ઘેર પહોંચી અને કુળની રીત પ્રમાણે સોમનાથ પણ્ડિતે સઘળો કરવ્યવહાર કર્યો. પછી એક દિવસ રત્નગવરી સોળ સણગાર ધારણ કરી સોનાની થાળમાં રતનદિવડો મૂકી, રાતને વખતે પલંગ ઉપર

જ્યાં વિદ્યાનંદ સૂતો હતો ત્યાં ગઈ ત્યારે વિદ્યાનંદે પૂછ્યું કે તમે કોણ છો? રત્નગવરીએ જવાબ દીધો કે, હું આપની સ્ત્રી છું. વિદ્યાનંદ બોલ્યો, સ્ત્રી કોને કહે છે? રત્નગવરીએ ચીડાઇને કહ્યું કે, શું તમે એટલા અજાણ થઈ ગયા છો કે સ્ત્રીને પણ નથી ઓળખતા. એવાં કઠોર વચન સાંભળીને વિદ્યાનંદ સમજી ગયો કે, આ સ્ત્રી ભણીગણી નથી, પણ મહા મૂર્ખ છે. કહ્યું છે કેઃ-

દોહરો

ભલા ભૂંડા સરવે ભલા, જ્યાં સુધી વદે ન બોલ;
કાગ પીકનો* થાય છે, ઋતુ વસંતમાં તોલ. ૯

વિદ્યાનંદ પોતાની સ્ત્રીને અભણ જાણીને ઘણો ઉદાસ થયો; કહ્યું છે કેઃ—

દોહરો

અભણ નારીને નર ચતુર, ચતુર અભણને નારઃ
મન એનાં મળતાં નથી, સુખ નવ લહે લગાર. ૧૦

પછી થાળ ભોંય ઉપર મૂકીને રત્નગવરી પલંગ ઉપર બેશી ગઇ, ને વિદ્યાનંદે તેની સાથે વાતચિત કરી ખરી, તો પણ તે ખુલ્લા મનથી નહીં; ખરેખર,

દોહરો

સ્વભાવ મળતાં મન મળે, નહિ તો મળે નહીંજ;
ફાટે દૂધ કાંજીવડે, દહીં તો કરે દહીંજ ૧૧

પણ્ડિત પણ્ડિતને મળવાથી પ્રસન્ન થાય છે, મૂર્ખને મળવાથી થતો નથી. વિદ્યાનંદ બોલ્યો કે, તમે મોટા પણ્ડિતનાં ઘરમાં જન્મ ધર્યો ને બાળક અવસ્થામાં વિદ્યા ન શિખ્યાં એ સારૂં ન કીધું; કેમકે રૂપ હોય, જુવાની હોય, મોટા

---

* કોયલ.

કુળમાં જન્મ થયો હોય, છતાં માણસ વિદ્યા વગરનું હોય તો તે સઘળું નકામું છે; દાખલા તરીકે જૂઓ કે, કેસુડીના ફૂલમાં સુગંધ નથી, તેથી તેની શોભા સમુળગી ગણાતી નથી. વળી સંસારમાં દેહ ધારણ કરી જે વિદ્યા ન શિખ્યું, તે કેવળ પશુ સમાન છે; માત્ર નામનું તે મનુષ્ય કહેવાય છે. આ સાંભળીને રત્નગવરી ગુસ્સો કરી બોલી કે, એવું હતું તો મારા જેવી મૂર્ખ સ્ત્રી સાથે શું કરવાને પરણ્યા ? કોઇ સારી ભણેલી શોધવી હતી કેની ? વિદ્યાનંદે જવાબ વાળ્યો કે, હું જાણતો નહોતો કે, મોટા પણ્ડિતની પુત્રી હોવા છતાં તમે વિદ્યા નહીં શિખ્યાં હશો. પણ હવે તમારે ગુસ્સે થવાનું કારણ નથી. કેમકે એવું કહ્યું છે કેઃ—

દોહરો

કટુ * લાગે કલ્યાણનાં, વચન વિચારો આપ;
કટુ ઔષધ પીધા વિના, મટે ન તનનો તાપ. ૧૭

તેટલા માટે મારૂં કહેવું એવું છે કે, જે હિતનું વચન સાંભળી ક્રોધે ભરાય છે, તે દુઃશીલા પોપટીની માફક આખરે પસ્તાય છે અને દુઃખ પામે છે. રત્નગવરીએ પૂછ્યું કે, એ કેવી રીતે બનેલું ? વિદ્યાનંદે કહ્યું, સાંભળો, તે હું કહું છું.

ખંભાત નામની નગરીમાં એક વીરસેન નામનો રાજા હતો. તેની પાસે એક હીરામન નામનો પોપટ હતો. એક દિવસ તે રાજાને કંઇ કારણને લીધે પોપટપર ગુસ્સો આવ્યો. તેથી વાઘરીઓને બોલાવીને કહ્યું કે, વનમાં જઇને એક મહામૂર્ખ પોપટી લઇ આવો અને આ હીરામન પોપટ સાથે તેનાં લગ્ન કરી દો. આ સાંભળી તેમણે તે મુજબ કર્યું. હીરા-

* કડવાં.

મન તે દુઃશીલા પોપટીને જોઇને મનમાં વિચારવા લાગ્યો કે આજ સુધી અમારા કુળમાં કોઈ વિદ્યાહીન હતું નહીં, પરંતુ હવે મૂર્ખતાએ પ્રવેશ કીધો છે; કેમકે પુરુષ મૂર્ખ હોય તો ફક્ત તેને પોતાનેજ નુકશાન થાય છે, પરંતુ સ્ત્રી મૂર્ખ હોવાથી તેનાં છોકરાં પણ મૂર્ખજ નિવડે છે. આ કારણને લીધે સ્ત્રી અવશ્ય ભણેલી હોવી જોઇએ. હું નથી સમજી શકતો કે મારાપર કોપ કરીને રાજાએ આ મૂર્ખી મારી કોટે કેમ બંધાવી. આમ બોલીને તે રડવા લાગ્યો. એની આવી દશા જોઇને દુઃશીલા બોલી, આપના રડવાનું કારણ મને જણાવો. હીરામન બોલ્યો, કહું છું, તે તું સાંભળ. એક દિવસ હું આનંદમાં મઝા મારતો આમ તેમ કરતો હતો, એવામાં કુબુદ્ધિ અને સુબુદ્ધિ એવા બે બાળકને શીખવતો એક પણ્ડિત મારી નજરે પડયો. તે કુબુદ્ધિ ઉપર ઘણો ક્રોધે ભરાતો હતો. આને જોઇ મારા મનમાં વિચાર આવ્યો કે, આ પણ્ડિત એક બાળકને તો કંઇ કહેતો નથી અને બીજાને ઘણું દુઃખ દે છેઃ એવી રીતે કરવું એ સજ્જનનો ધર્મ નહીં. સાધુ પુરુષ સઘળા જીવપર સમાન ભાવ રાખે છે ને સરખી રીતે દયા બતાવે છેઃ પરંતુ અહીંઆં આમ થાય છે તેથી તેનું કંઈ પણ કારણ હશે. માટે ત્યાં જઇને તે બાબત પૂછવું જોઇએ. આ પ્રમાણે વિચાર કરી હું તે પણ્ડિતની પાસે ગયો અને પ્રણામ કરીને બોલ્યો કે, મહારાજ! પણ્ડિત જન તો સઘળા ઉપર સમાનદૃષ્ટિ રાખે છે, ત્યારે આપને એવું શું કારણ છે કે આપ બન્ને ઉપર સરખો ભાવ રાખતા નથી? પણ્ડિત બોલ્યો કે, સાંભળ, જે માબાપ બાળકને શિખવતાં નથી, તે તેમનાં વેરી જેવાં થાય છે, કેમકે વિદ્યાહીનને સભામાં આબરૂ મળતી નથી. કહ્યું છે કેઃ—

દોહરો

પણ્ડિતની પંક્તિ * વિષે, નહીં અભણ શોભાય;
હંસની હારથકી જુઓ, જૂદું બગલું જણાય. ૧૩

એટલા માટે માબાપ પોતાના બાળકને ગુરૂને ત્યાં વિદ્યા શિખવવાને મોકલતા નથી ત્યાં સૂધી બાળકના દોષને માટે તેઓ જવાબદાર છે, અને જ્યારે ગુરૂને સોંપી દે છે ત્યારે સઘળો ભાર ગુરૂને માથે પડે છે. કદાચિત્ શિખવવામાં ગુરૂ આળસ કે બેદરકારી બતાવે છે તો તે દોષવાન થાય છે. એટલા માટે મારે કુબુદ્ધિને મારવો પડે છે. સુબુદ્ધિની મા ભણેલી છે, ને તેણે પોતાના પુત્રને નાનપણથી ભણાવવા માંડયો હતો. આ કારણથી એનામાં એવો ગુણ આવી ગયો છે કે, ને પોતાની મેળે વિદ્યા શિખે છે; કંઇ મારફાડની જરૂર પડતી નથી; કેમકે નવા પાત્રમાં સારો સંસ્કાર થયો હોય છે તો તે વ્યર્થ જતો નથી; પરંતુ આ કુબુદ્ધિની મા ભણેલી નથી, તેથી તે પોતાના પુત્રને ભણાવી શકી નથી, એટલે નાનપણથી રમવા કૂદવાનો એનો સ્વભાવ પડી ગયો છે ને હવે ભણવા ગણવામાં એનું ચિત્ત લાગી શકતું નથી; આ કારણને લીધે એની સાથે મારે ઘણી માથાઝીક કરવી પડે છે. એમ કહ્યુ છે કે:—

દોહરો

લીલા ઝાડની ડાળીઓ, વાળે તેમ વળાય;
વળે મહેનતથી નહીં, જ્યારે તે સૂકાય. ૧૪

આ વાકય સાંભળી હું સમજ્યો કે, માતા ઝાડ સમાન છે અને બાળક ફળ સમાન છે. સારાં નરસાં જેવાં ઝાડ હોય

* હાર.

છે તેવાંજ તેનાં ફળ થાય છે; તે પ્રમાણે બાળક વિદ્વાન થશે કે મૂર્ખ રહેશે, તેનું મુખ્ય કારણ માતાજ હોય છે. વળી કહેવત છે કે "ઠામ તેવી ઠીકરી, ને મા તેવી દીકરી." કેમકે બાળપણમાં બાપ કરતાં માની પાસે બાળકનું રહેવું વધારે થાય છે, ને ઘણોખરો વખત તેનીજ પાસે કાઢે છે. આવા બાળપણના સમયમાં માતા બાળકને પોતાના મનમાનતા ગુણ વગેરે શિખવી શકે છે. જેમ કુંભાર માટીનો પિંડો લઇ પોતાની મરજીમાં આવે તેવો પદાર્થ બનાવે છે, તેમ મા બાળકને પોતાની મરજીમાં આવે તેવું રૂપ આપી શકે છે. બીજા બહારના લોકો જેમણે બાળકનો સ્વભાવ સુધારવા માટે કોઇ પ્રકારનો નિશ્ચય કીધેલો નથી, તેઓ તો ફક્ત ઉપાય કરી જેનાર થાય છે અને તેનું ફળ વિપરીત થયલું જેવામાં આવે છે; કેમકે એવું કહ્યું છે કેઃ—

દોહરો

સારૂં સહજ બગડી શકે, બગડયું ન સુધરનાર;
ફાટયું દૂધ ફરી કદી, સ્વચ્છ ન દૂધ થનાર. ૧૫

કોઇ નાના ઝાડનાં પાંદડાં બળી જાય તો તે માટે ઘણાએ ઉપાય કરવાથી પણ તે પહેલાં જેવાં લીલાં, તાજાં ને શક્તિવાળાં થતાં નથી, એટલુંજ નહીં પણ તેના વધવામાં ઉલટી ખલેલ પડે છે; તેવીજ રીતની બાળકની પ્રકૃતિ અને બુદ્ધિની સ્થિતિ જાણવી. જે માતા મુર્ખ હોય છે તો બાળક ઘણુંખરૂં મૂર્ખજ થાય છે; અને અનેક ઉપાય કામે લગાડી બીજા લોકો ઘણી મહેનત કરે તો પણ જેવાં જોઇએ તેવાં તે હોંશિયાર બની શકતાં નથી. આટલા માટે મારૂં કહેવું એવું છે કે, હમણાં મારા વંશમાં મૂર્ખતા—અજ્ઞાનપણાએ પ્રવેશ

કીધો છે, અને મૂર્ખ બાળક થાય તેનાં કરતાં બાળક સમુળગાંજ ન થાય, એ હું વધારે સારૂં ધારૂં છું. બુદ્ધિવાન પુરુષનું વચન છે કેઃ—

દોહરો

કુલ કપૂત નથી કામનો, તેથી શોભા જાય;
આંચળ કંઠે બકરીને, પણ દૂધ નહીં દોવાય. ૧૬

દુઃખ દેનાર પુત્ર બે પ્રકારના થાય છેઃ–મરી જાય તે, અને કપૂત–મૂર્ખ નિવડે તે; એમાં બીજાના કરતાં પહેલા પ્રકારના સારા છે; કેમકે પહેલા પ્રકારના તો એકજ વાર દુઃખ દે છે, પરંતુ બીજા પ્રકારના તો ડગલે ડગલે માબાપને પીડા આપે છે. આ વાત સાંભળીને દુઃશીલા ક્રોધાગ્નિથી બળી ધીકી થઇ ગઈ અને કહેવા લાગી કે, આપ મોટા પણ્ડિત હતા તો પછી કોઈ પણ્ડિતાણીને શોધી કાઢી તેની સાથે કેમ ન પરણ્યા? હીરામન વિચાર કરી મનમાં બોલ્યો કે, મૂર્ખ હોય છે તેને સારાને માટે ઉપદેશ કરવામાં આવે તોપણ ઉલટો કોપ કરે છે; કેમકે એવું કહ્યું છે કેઃ—

દોહરો

અણસમજુની આગળે, કરવો નહિ હિતબોધ;
બતાવતાં લઇ આરસી, નકટો કરશે ક્રોધ ૧૭

હવે હીરામન પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે, સંસારમાં છ પ્રકારનું સુખ છેઃ–પહેલું આરોગ્યતા (શરીરનું સુખ), બીજું ધનની આવક, ત્રીજું મધુર બોલનારી સ્ત્રી, ચોથું આજ્ઞાકારી પુત્ર, પાંચમું સાચો મિત્ર, છઠ્ઠું ફળદાયક વિદ્યા; પરંતુ એ સર્વમાં સ્ત્રીનું સુખ મુખ્ય છે. કેમકે સ્ત્રી પુરુષની અર્ધાંગના છે અને સુખ દુઃખના વખતમાં હંમેશાં સાથે રહે

છે. કદાપિ જો સ્ત્રી ક્રોધી સ્વભાવની નિકળી તો પુરુષનો આખો જન્મારો દુઃખમાંજ જાય છે. આ દુઃશીલા તો ખરેખરી કર્કશા અને મિજાસી દેખાય છે. મારા દહાડા એની સાથે શી રીતે જશે? વળી એ મૂર્ખને પેટે જે બચ્ચાં થશે, તે મૂર્ખ નિવડીને દુઃખદાયી થવાનાં. એવું કહ્યું છે કેઃ—

દોહરો

કદી મૂર્ખના મુખથકી, મધુ ન વાત થનાર;
કડવી વેલથકી મીઠાં, ફળો નથી ફળનાર. ૧૮

માણસ ગૃહસ્થાશ્રમમાં પડે છે તે પોતાના સુખને માટેજ, પણ જો તેથી સુખ ન મળે તો તે વ્યર્થ છે. કેમકે સજ્જનોનું વચન છે કેઃ—

દોહરો

કરવું ન સુખ જે સુખથકી, થવું પડે હેરાન;
તજીએ સોનું તરત તે, જેથી તૂટે કાન. ૧૯

એટલા માટે આ જગ્યાએ રહેવું સારૂં નથી, એવો વિચાર મનમાં લાવી એક દિવસ લાગ મળવાથી પાંજરામાંથી નીકળીને તે ઉડી ગયો અને તપોવનમાં જઇ નર્મદા તીરે તપ કરવા લાગ્યો. પછી દુઃશીલા પોતાના પતિને ન જોવાથી ઘણી ગાભરી થઇ અને અતિશય ચિન્તાથી કહેવા લાગી કે, પૃથ્વીનું ભૂષણ રાજા છે અને તારાગણ (તારાસમૂહ)નું ભૂષણ ચંદ્રમા છે, તેજ પ્રમાણે સ્ત્રીનું ભૂષણ પતિ છે અને વિદ્યા સઘળાનું ભૂષણ છે; પતિ વગર સ્ત્રીનું જીવતર ફોગટ છે, માટે મારા સ્વામીને મેં કઠોર વચન કહ્યાં, એ મેં સારૂં કીધું નહીં. એ રીતે ઘણો પસ્તાવો કરવા લાગી. કહ્યું છે કેઃ—

દોહરો

નહીં કહેવી કોઇને, મુખથી કડવી વાણ;*
છેદે છે જનહૃદયને, જયમ ભેદે છે બાણ. ૨૦

તેટલા માટે મારૂં કહેવું એવું છે કે, હિતનાં વચન સાંભળીને જે વિનાકારણ ક્રોધ કરે છે તે દુઃશીલા પોપટીની માફક દુઃખ પામે છે. આ વાત સાંભળીને રત્નગવરીને ખરી વાતની ગમ પડી; અને સમજી કે, મારા માબાપે લાડ લડાવવામાં અને પ્યાર બતાવવામાં મને શિખવવા ઉપર કંઇ પણ ધ્યાન આપ્યું નહીં; હવે કેવી રીતે આ દુઃખમાંથી છુટીશ. એ પ્રમાણે રોજ ચિન્તામાં ને ચિન્તામાં રહેતી, તેથી પોતાનું શરીર અર્ધું કરી નાંખ્યું. કવિનું વચન છે કે :—

કુણ્ડલિઆ ×

ચિન્તા જ્વાલ શરીરમે, દૌ લાગી ન બુઝાય ।
પ્રગટ ધુઆં નિકસે નહી, અંતર હી ધુંધુવાય ॥
અંતર હી ધુંધુવાય, જરે જસ કાચકી ભટી ।
રક્ત માંસ જર જાય, રહે પિંજરકી ટટી ।।
કહે ગિરધર કવિરાય, સુનો રે મેરે મિન્તા ।
વે નર કૈસે જિયેં, જિન્હેં નિત વ્યાપે ચિન્તા ।। ૨૧

---

*વાણી-બોલ.

× ચિન્તા જ્વાલા શરીરમાં, લાગી નહીં બુઝાય,
ધૂમાડો નિકળે નહીં, અંતરમાં ધુંધવાય;
અંતરમાં ધુંધવાય, બળે જેમ કાચની ભઠ્ઠી,
રુધિર માંસ બળી જાય, રહે અસ્થીની * ટટ્ટી.
કહે ગિરિધર કવિરાજ, સુણો મિત્રો મતિમંતા‡
તે નર કયમ કરિ જીવે, ચિત્ત જેને છે ચિન્તા.

* હાડકાં ‡ બુદ્ધિવાન

આ પ્રકારે રત્નગવરી રાત દિવસ શોચ કરતી હતી અને પોતાના મનની વાત કોઇને કહેતી નહોતી; કેમકે એવું કહ્યું છે કે, ધનના નાશની, મનના સંતાપની, ઘરના માણસના દુરાચારની, અને અપમાન થયું હોય તેની વાત બુદ્ધિવાને બહાર પાડવી નહીં. એક દિવસ ધીમતી નામની એક ઘણી ચતુર દાસી હતી, તેણે પૂછ્યું કે, બાઇ, આપ દિવસે દિવસે ગળાતાં જાઓ છો એનું કારણ શું ? રત્નગવરી બોલી, તું પૂછીને શું કરી શકીશ. એવું કહ્યું છે કેઃ—

દોહરો

પોતાનો જન હોય પણ, પીડા લૈ ન શકાય;
દુઃખતી આંગળી પાસની, આંગળી દુઃખી ન થાય. ૨૨

વળી એવું પણ કહ્યું છે કેઃ—

*દોહરો

તુલસી મનકે દુઃખકો, પ્રગટ ન કરિયે રોય;
ભરમ ગમાવે આપનો. બાંટિ ન લેહે કોય. ૨૩

તેટલા માટે મારા મનની વાત હું તને કહી શકતી નથી. આવો જવાબ સાંભળીને ધીમતી બોલી, અહો બાઇ ! આમ મને શું ઉડાવો છો. અહીં આવતી વખતે તમારાં માતાજીએ મને કહ્યું હતું કે, "મારી રત્નગવરીને તારા પ્રાણથી વહાલી ગણજે, અને હમેશાં તેના સુખદુઃખની સાથી થજે." આ ઉપરથી તમારૂં શરીર દુર્બળ થઈ જવાનું કારણ હું પૂછું છું; તમારાપર પડતું દુઃખ ટાળવાની મારામાં ગુંજાસ છે; કેમકે એવું કહ્યું છે કેઃ–

---

* તુલસી મનના દુઃખની, પ્રગટ ન કરીએ વાત;
લે ન વહેંચી કોઈ તે, ભરમ ખુવે નિજ જાત.

દોહરો

કામ પડયાથી જાણીએ, જે નર જેવો હોય;
તાવ્યા વિના ખોટું ખરૂં, કહે ન સોનું કોય. ૨૪

આ સાંભળીને રત્નગવરીને તેની વાત ઉપર વિશ્વાસ આવ્યો અને પોતાની સઘળી હકીકત તેને કહી સંભળાવી. તેણે જણાવ્યું કે મારો પતિ ખરેખર ઉદાસ જેવો જણાય છે. કેમકે કહ્યું છે કેઃ—

દોહરો

સર્વનું હેત અહેત તે, નેત્ર થકી પરખાય;
ભલું ભુંડું આરસી વડે, જેમ જરૂર જણાય. ૨૫

અરે મારી દુઃખની ભાગીએણુ ! હવે મારે શો ઉપાય કરવો ? મને મૂર્ખ સમજીને મારા પતિ મારાપર ખરા ભાવથી હેત રાખતા નથી, ને તેથી મારૂં જીવવું મિથ્યા છે. એવું કહ્યું છે કેઃ—

દોહરો

ધન દૈને તન રાખીએ, તન દૈ રાખો લાજ;
ધન દો તન દો લાજ દો, એક પ્રેમને કાજ. ૨૬

તેથી, ઓ મારી વહાલી ! આ મારા દેહનો ત્યાગ કરવો, એ હું વધારે સારૂં ગણું છું. ધીમતીએ એ સઘળી હકીકત સાંભળીને કહ્યું કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેનો હેતુ પ્રાણુજ છે; જેણે પ્રાણનો અંત આણ્યો, તેણે શું ન માર્યું ગણાય; તેટલા માટે બાઈ, ગભરાવાની જરૂર નથી. હવે ધીરજ પકડી ઉપાય શોધવાની ફિકર રાખવી જોઈએ. કવિનું વચન છે કેઃ—

દોહરો

પડી પીડાથી છૂટીએ, શ્રમ લૈ કરી ઉપાય;
વમળ પડેલું નાવ* નહિ, જતન વિના જળવાય. ૨૭

---

* વહાણ.

આવી રીતે રત્નગવરીને ધીરજ આપી ધીમતીએ ચંદ્રશંકર પાઠક ઉપર એક કાગળ લખાવ્યો. તેમાં જણાવ્યું કે, જ્યારથી બહેન અહીં આવ્યાં છે ત્યારથી શરીરે સુખી રહેતાં નથી. તેટલા માટે અહીં વધારે વખત હાલમાં રાખવાં મને દુરસ્ત લાગતું નથી. થોડાક દિવસ સારૂ કોઇ પણ રીતે બહેનને આપે બોલાવી લેવાં. આ પ્રમાણે કાગળ લખાવી બીડીને પોતાના એક નોકરને આપી ચંદ્રશંકરની પાસે મોકલ્યો. તે માણસ કેટલેક દિવસે અમદાવાદ શહેરમાં આવી પહોંચ્યો, અને ચંદ્રશંકર પાઠકને પ્રણામ કરી કાગળ આપ્યો, તથા સઘળા કુશળક્ષેમના સમાચાર કહ્યા. ચંદ્રશંકર કાગળ વાંચી ઘણા વિચારમાં પડ્યા. બીજેજ દિવસે પોતાની પુત્રીને તેડાવવાની તજવીજ કરી, થોડા દિવસમાં તેને બોલાવી લીધી. રત્નગવરી પિહેર આવી ત્યારે તેના શરીરની સ્થિતિ જોઇને તેના પિતાને ઘણી ચિન્તા થઇ, અને તે બાબત તેને પૂછવા લાગ્યા. રત્નગવરીએ રડી પડીને કહ્યું કે, હે પિતાજી! આપે મારી બાલ્યાવસ્થામાં મને ભણાવી ગણાવી નહીં ને તે ઉપર કંઇ ધ્યાન ન આપતાં ઘણાં લાડ લડાવ્યાં ને અતિશે વહાલ બતાવ્યા કીધું, તેનું આ પરિણામ છે. આ સાંભળી ચંદ્રશંકર મનમાં સમજી ગયા કે, મારો જમાઇ ઘણો બુદ્ધિવાન અને ચતુર છે, તેથી તેણે મારી દીકરીને મૂર્ખ જાણીને નક્કી અનાદર કીધો હશે. કહ્યું છે કે:—

દોહરો

ચતુરથી ન છાની રહે, અંતરની કાંઇ વાત;
વૈદ પારખે કર ગ્રહી, જેમ રોગની જાત. ૨૮

ચંદ્રશંકરે સઘળી વાત સાંભળી પોતાની પુત્રીને કહ્યું કે, હે પુત્રી! આ કામમાં મારોજ દોષ છે, બીજા કોઇનો નથી;

કેમકે મારા જેવા મહાપણ્ડિત ગણાતા માણુસની પુત્રી મૂર્ખ રહેવાથી દુઃખ દરિયામાં ડૂબી જાય એ સંભવે છે; પણ આનું કારણ ભાવી * છે. બુદ્ધિમાનનું વચન છે કેઃ—

દોહરો

મતિ ઉપજે જન મન વિષે, જેવું ભાવી હોય:
શુદ્ધ માર્ગ સૂઝે નહીં, જો સમજાવે તોય. ૨૯

વળી એવું પણ કહ્યું છે કે, જેમ દૂધ દોહતી વેળાએ ગાયનો વાછરડો બાંધવાને લીધે તેની માતાની જાંઘ થાંભલો બને છે, તેમ હિત કરનાર વસ્તુ આવી પડવાની આપદાનું કારણ થઇ પડે છે; પરંતુ હવે શોચ કરવો છોડી દઇ જરૂરની વસ્તુ મેળવવા માટે પેરવી કરવી જોઇએ, કેમકે શોચ સઘળા કામમાં આડો આવે છે. કહ્યું છે કેઃ—

દોહરો

વીતિ વાત વિસારી દે, ભવિષ્ય વહેલું ભાળ; +
જે બની આવે સહજમાં, તેજ સદા સંભાળ. ૩૦

આ પ્રમાણે પોતાના મનમાં વિચાર કરી પોતાની પુત્રીને કહ્યું કે, હે વહાલી દીકરી ! આવી પડેલી આપદા દૂર કરવાનો યત્ન કરવો ઘટારત છે. વિપત્તિના વખતમાં દિલગીર થવું, એ હલકા માણસનું લક્ષણ છે. તેથી તું મનમાંથી ફિકર ચિન્તા દૂર કર. હું તને છ મહિનામાં વિદ્યારૂપી આભૂષણથી શોભાવી ઘણી હોંશિયાર બનાવીશ, એવી હું પ્રતિજ્ઞા લઉં છું. આ રીતે રત્નગવરીને દિલાસો આપી કહ્યું કે, કોઈ કવિનું વચન છે કેઃ—

* ભવિષ્યમાં બનવાનું તે. + જો, તપાસ.

દોહરો

ભણતાં ભણતાં થાય છે, જન મોટો મતિમાન;
દોરડું ઘણું ઘસાય તો, પથરે પડે નિશાન. ૩૧

વળી એવું પણ કહેલું છે કેઃ—

દોહરો

ભણતાં પંડિત નિપજે, લખતાં લહિયો થાય;
ચાર ચાર ગાઉ ચાલતાં, લાંબો પંથ કપાય. ૩૨

તેટલા માટે, હે પુત્રી! હવે તારા મનમાંથી સઘળી ફિકર દૂર કર, અને ચિત્ત લગાડી વિદ્યા શિખવાની શરુઆત કર. ચંદ્રશંકરે પહેલાં બાળકની અવસ્થા સંબંધી જ્ઞાન આપવાનો આરંભ કર્યો. પછી જ્યારે તે સારી રીતે શિખી ગઇ ત્યારે યુવાવસ્થા સંબંધી જ્ઞાન આપ્યું. આ બે બાબતનું જ્ઞાન મેળવ્યા પછી વૃદ્ધાવસ્થાની શરુઆત કરાવી. રત્નગવરીએ એ ત્રણે અવસ્થા સંબંધી જ્ઞાન મેળવ્યું ને તે બાબતમાં ઘણી ચતુર તથા નિપુણ થઇ. પછી થોડા સમયમાં રત્નગવરીના સસરા સોમનાથે એને તેડવા માટે માણસ મોકલ્યું. તે જાણી તેને ઘણો આનંદ થયો, કારણ કે પોતાના સ્વામીને મળવાને તે ઘણી આતુર હતી. કેટલાક દિવસ રસ્તામાં ગયા પછી તે પોતાને સાસરે પહોંચી. ત્યાં પોતાની સાસુ, નણંદ વગેરે સઘળાં સાથે જોઇએ તેવો વિવેક બતાવી બેઠી અને મધુર વચનથી વાતચિત કરી સઘળાંને ખુશી કીધાં. એની યોગ્યતા જોઇને ઘરનાં સઘળાં માણસને આશ્ચર્ય લાગવા માંડયું, કેમકે પહેલાં તો એનામાં મૂર્ખતા ભરાયલી હતી, તેથી એના મનમાં અંધારૂં ઘોર હતું ને હમણાં તો વિદ્યારૂપી દિવાથી સઘળો પ્રકાશ થઈ રહ્યો હતો. કહ્યું છે કે, વિદ્યાથી વિનય આવે છે, વિનયથી યોગ્યતા આવે છે, યોગ્યતાથી ધન મળે છે,

ધનથી ધર્મ મળે છે ને ધર્મથી સુખ થાય છે. બુદ્ધિમાન પુરુષ સામા માણસનો સ્વભાવ ઓળખી લઇ તેને પોતાને વશ કરી લે છે.

પછી રત્નગવરી પોતાના પતિ પાસે ગઇ અને હાથ જોડી ઘણી નમ્રતાપૂર્વક મધુર વચનથી બોલી કે, સ્વામીનાથ ! આપની દાસી સેવામાં હાજર છે. મારાપર દયાભાવ રાખશો ને મારી વિનંતિ સાંભળશો.

દોહરો

સજ્જન અંગીકાર કરી, નભાવી લે સહુ કાળ:
કુટિલ* કલંકી† ચંદ્ર ધરી, શિવ નવ બને લજ્જાળ. ૩૩

મારા જેવી મૂર્ખીને નિભાવી લેવાને આપ સઘળી રીતે સમર્થ છો. વિદ્યાનન્દ બોલ્યો, હે પ્રિયા ! તું આવી ? સારી તો છે ? રત્નગવરીએ ઉત્તર વાળ્યો, સારી તો સ્વામીનું મુખકમળ જોઇનેજ તો; ને આવું નહીં તો હું કયાં જવાની હતી ? હું તો આપનાં ચરણની રેખા બરોબર છું, તે શી રીતે છૂટી થઇ શકું ? સગપણ ને ડહામ ટળતાં નથી. કહ્યું છે કે:—

દોહરો

સગો દૂર નહિ થઇ શકે, સગપણ વૃથા ન જાય:
રેખાઓ‡ રહી હાથમાં, કદી મટી નવ જાય. ૩૪

રત્નગવરીનાં દીન અને મધુર વચન સાંભળીને વિદ્યાનંદ ઘણો પ્રસન્ન થયો, અને બેસવાની આજ્ઞા આપી. કવિનું વચન છે કે:—

દોહરો

માન મળે છે ગુણ વડે, ગુણ વિણ માન ન હોય:
પોપટ પાળે પ્રીતથી, કાગ ન પાળે કોય. ૩૫

---

* વાંકો. † ડાઘાવાળો. ‡ પગને તળીએ તથા હથેલીમાં જે કાપાઓ હોય છે તે.

રત્નગવરી પતિની આજ્ઞા થવાથી તેની પાસે બેઠી અને બન્નેમાં અરસપરસ સહજ પ્રીતિ ઉત્પન્ન થવાથી તેઓ આનંદની વાતચિત કરવા લાગ્યાં. કહ્યું છે કે:—

દોહરો

બન્નો મને ચહાય તો સહજ થાય સંયોગ; +
એક હાથ જ્યમ છે નહીં, તાળી પડવા જોગ. ૩૬

પછી તો એ બન્નેનો વખત રોજ રોજ ખુશી આનંદમાં ગુજરવા લાગ્યો. થોડા દિવસ આવી રીતે વીત્યાબાદ રત્નગવરીએ પોતાના પિતાને કાગળ લખ્યો કે, હવે હું ઘણા આનંદમાં દિવસ ગુજારૂં છું, આપે કોઇપણ વાતની ચિંતા કરવી નહીં. કાગળ વાંચીને ચંદ્રશંકર ઘણા ખુશી થયા અને પોતાની પાછલી ભૂલ માટે પસ્તાવો કરવા લાગ્યા.

આટલા માટે હું કહું છું કે, જે માણસ પોતાના સંતાનનું ભલુંભુંડું શાથી થશે તેનો વિચાર કરી તેને શિખવવા ઉપર ધ્યાન આપતા નથી, તે ચંદ્રશંકરની માફક પસ્તાય છે.

પહેલો અધ્યાય સમાપ્ત.

+ મેળાપ.

અધ્યાય ૨ જો.

બાલ્યાવસ્થાનો પ્રારંભ.

ચંદ્રશંકરની કથા સાંભળી ધરમદાસ શેઠ બોલ્યા કે, ચન્દ્રશંકરે પોતાની પુત્રી રત્નગવરીને જે ત્રણે અવસ્થાનું જ્ઞાન આપ્યું, તે હરેક અવસ્થાના ધર્મ અનુક્રમવાર મને કહી બતાવો. સુલક્ષણા બોલી, સાંભળો પ્રાણનાથ! પહેલાં બાળ અવસ્થા વિષે બોલું છું. એનું પહેલું વાકય આ છે:—

દોહરો

બાળપણમાં પુરુષ જે, વિદ્યા ભણ્યો ન હોય;
પશુ જેવો તે જગતમાં, છતમાં છે નર તોય. ૩૭

ચંદ્રશંકરે કહ્યું કે, હે દીકરી! જે બાળક પોતાનું બાળપણ વિદ્યા શિખવામાં ગાળે છે, તે ચંદ્રભાગાની માફક પોતાનાં યશ ને કીર્તિ વધારે છે, તથા સદા સુખી રહે છે; અને જે રમવા કૂદવામાં ગાળે છે, તે કુબુદ્ધિની બાઇ નામની છોકરીની માફક અપજશ પામે છે, અને હંમેશાં ઘરમાં કજીઓ કંકાસ કરે છે. રત્નગવરીએ પૂછયું, એ શી રીતે પિતાજી? ચંદ્રશંકરે કહ્યું, સાંભળ. સુરત શહેરમાં બ્રહ્માનંદ નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. તેની સ્ત્રી વિદ્યાગવરી ઘણી વિદ્વાન અને ડાહી હતી. તેને ચંદ્રભાગા નામની એક પુત્રી હતી; બાળપણથી વિદ્યા શિખવાપર તે પુત્રીનું મન એવી રીતે વાળવામાં આવ્યું કે, જ્ઞાનની સાથે સઘળા સારા ગુણ તેનામાં આવ્યાં. સૂર્ય ઉગ્યા પહેલાં તે છોકરી પોતાની માની સાથે ઉઠતી અને પહેલાં ઇશ્વરનું ધ્યાન ધરતી ને દાતણપાણી કરતી. પછી પોતાની ચોપડી લઇ પહેલાં શિખી ગઇ હોય તે પાઠ બરાબર જોઇ જતી, અને પાછલો પાઠ પોતાની

માને સંભળાવતી; ત્યાર પછી નવો પાઠ શિખતી તથા બરાબર ચિત્ત લગાડીને ગોખવાનું હોય તે ગોખતી. સવારનો વખત વિદ્યાર્થીઓને ઘણો ઉપયોગી હોય છે, તેથી કરીને બાળકોને વહેલા ઉઠવાની ટેવ પાડવી જોઈએ. એક કવિનું વચન છે કેઃ—

દોહરો

પ્રભાતમાં નિત ઉઠીને, ધરિયે પ્રભુનું ધ્યાન;
તેથી ધન કીર્તિ વધે, વળી મળે શુભ જ્ઞાન. ૩૮

વળી એમ પણ કહ્યું છે કેઃ-

દોહરો

સવારના શુભ વાયુને, જે સેવે મતિમાન;
સુખ તેનું સઘળું વધે, બુદ્ધિ થાય બળવાન. ૩૯

ભણવાનું કામ પતાવી દીધા પછી જ્યારે તેની માતા પોતાના ઘરકામમાં રોકાતી, ત્યારે તે પોતે પોતાના નાના ભાઈને રમાડતી. વળી રમતમાં ને રમતમાં તેને મૂળાક્ષર તથા એકડે એક ભણાવ્યા કરતી. કવિનું વચન છે કેઃ-

દોહરો

આદિ વર્ણ જે નહિ ભણ્યો, એક એક કરી ચિત્ત;
તે નર જગમાં કોઇ પણ, ગ્રંથ ભણે શી રીત. ૪૦

વળી એમ પણ કહ્યું છે કેઃ—

દોહરો

એક એક અક્ષર વડે, જાણે ગ્રંથ વિચાર:
આંટે આંટે કાપતું, પૈડું કોસ હજાર. ૪૧

ચંદ્રભાગા કદીપણ ધૂળમાં રમતી નહીં, તેમ પોતાના ભાઈને પણ ધૂળ કે કાદવમાં રમવા દેતી નહીં. હમેશાં લુગડાં સ્વચ્છ રાખતી, તેને મેલાં થવા દેતી નહીં, અને તેની મરજી પ્રમાણે

તેને રમાડતી. તેને રડવા કે હુઠ કરવા દેતી નહીં. મૂર્ખ છોકરીઓ સાથે વાતચિત કરવાનું તેને પસંદ નહોતું. કદી પણ બીજાને ઘેર રમવા જતી નહીં. પોતાની ચોપડી ફાડતી નહીં; અને તે મેલી કરવી એ ઘણું ખોટું છે, એમ સમજી બહુ કાળજીથી તે સાચવતી હતી. એક દિવસ એવું બન્યું કે, એના પડોસીની કુબુદ્ધિની નામની છોકરી પોતાના નાના ભાઇને રમવાને સારૂ તેને ઘેર લઇ આવી, અને કેટલીક વાર સુધી તેને રમાડ્યા પછી રમતાં રમતાં પોતાના ભાઇને તે ચીઢવવા લાગી, અને તેને ધીરેથી એક થપ્પડ મારી, ને પોતે ખી ખી હસવા મંડી. તે ઉપરથી તેનો ભાઇ રડી પડયો, અને ચીડવાઇને કુબુદ્ધિનીના માથાના વાળ ખેંચવા લાગ્યો, એટલે તે પણ રડી અને બૂમ પાડવા લાગી. આ સાંભળી વિદ્યાગવરી ઘરમાંથી બહાર આવી, ને જુએ છે તો નાનો ભાઇ પોતાની બહેનના વાળ પકડીને ખેંચતો હતો અને રડતો હતો. વિદ્યાગવરીએ પૂછયું કે, આ છોકરો આ પ્રમાણે રડે છે ને હઠ કરે છે, તેનું કારણ શું છે! કુબુદ્ધિની બોલી કે, કાકી, આ નઠારો છોકરો આ પ્રમાણે રોજ રડે છે, જીદ કરે છે અને મને મારે છે તથા ગાળો દે છે, રોજ ઘરમાં રમખાણ મચાવે છે, ને સેહેજ સેહેજમાં રીસાઇ જઈ રહ્યા કરે છે. એટલામાં ચંદ્રભાગા બોલી કે, મા, આ છોકરાનો આમાં કશો વાંક નથી. પહેલવહેલાં તો એ છોકરીએ તેને છંછેડ આંગળી કીધી, અને તેના માથાપર એક થપ્પડ ચ્હોડી. આ સાંભળીને વિદ્યાગવરી બોલી, કેમ રે, તેંજ આ છોકરાનો સ્વભાવ બગાડયો છે, ને હવે એને કેમ વગોવે છે? ઘણું ખરૂં મૂર્ખ સ્ત્રીઓ પોતાના બાળકોને લાડ લડાવતાં ગાળ દઈ દઈને તેમને ગાળો દેતાં શિખવે છે, અને તેમની ગાળો સાંભળીને ઘણી

ખુશી થાય છે. જુઓ, એ કેવી મૂર્ખાઇની વાત છે? જ્યારે છોકરાં જરા મોટાં થાય છે ત્યારે તે ગાળ દે છે, તે ખરાબ લાગવાથી તેમની મા તેમના ઉપર ગુસ્સે થઇ તેમને મારપીટ કરે છે, એટલે તે છોકરાં મારપીટ કરવાનું ને ચીડાઇ જવાનું પણ શિખી જાય છે. જરા ધ્યાન દઈ વિચાર કરશો તો માલમ પડશે કે, બાળકોમાં કોઇ પ્રકારના દોષ હોતા નથી. ગાળ દેવી, માર પીટ કરવી, ગુસ્સો કરવો એ શું, તે તેઓ જરા પણ સમજતાં નથી. તેઓ તો પોતાનાં મા તથા બાપને મ્હોડેથી જે જે સાંભળે છે, તે પોપટની માફક મ્હોડે કરી લે છે, ને તેનો અર્થ પણ જાણતાં નથી. એવું કહ્યું છે કેઃ-

દોહરો

જન્મી તરત જાણે નહીં, હિત અહિત વિચાર;
જાણે જ્યમ ત્યમ સમજી લે. નાનપણે નર નાર ૪૨

પરંતુ જ્યારે તેઓ મોટાં થાય છે ત્યારે અર્થ જાણ્યા પછી પણ પોતાનો ખરાબ સ્વભાવ ને બુરી ટેવ છોડી શકતાં નથી. કહ્યું છે કેઃ—

દોહરો

કોઈ કરે કોટિ જતન, પણ સ્વભાવ નવ જાય:
બોળે જીભ ચોંકાશમાં, પણ ચીકણી નવ થાય. ૪૩

વળી એવું પણ કહ્યું છે કેઃ—

દોહરો

ક્રોધી હોય સ્વભાવ તે, કદી શાંત નવ થાય:
ધુવે કાળાં વસ્રને, પણ કાળાશ ન જાય. ૪૪

તેટલા માટે માબાપે સમજીને પોતાનાં અણસમજુ અને નિર્દોષ બાળકોની આગળ કંઇ નઠારી વાત મ્હોંમાંથી કાઢવી

નહીં. હમેશાં તેમને સારી સારી વાતો શિખવ્યા કરવી, અંદરખાનેથી તેનાપર પ્રિતિ રાખી, તેમનું પોષણ કરવું, ને બહારથી કેટલેક અંશે જરૂર પડે ત્યારે ગંભીરતા રાખી ગુસ્સાનાં ચિહ્ન બતાવી યોગ્ય શિક્ષા કરવી. જે લોકો આ બાબત ઉપર ધ્યાન નથી આપતા, તેઓ પછવાડેથી બહુ દુઃખી થઇ પસ્તાય છે. વળી કહ્યું છે કેઃ—

દોહરો

કરે અકારજ આપનું, થાય કુમતિ જે વાર;
હાથ ચઢ્યું હથિયાર તે, મારે પગે ગમાર. ૪૫

આટલી વાત કહીને વિદ્યાગવરી પોતાના ઘરમાં જઇ કામ–કાજમાં રોકાઈ, અને પેલી છોકરી પોતાના ભાઇને લઈને ઘેર ગઇ. પછી ચંદ્રભાગા આઠેક વરસની થઇ ત્યારે વિદ્યાગવરીએ પોતાના પતિને કહીને તેને કન્યાશાળામાં દાખલ કરાવી. તે સુશીલ છોકરી પોતાના બાપ ભાઇ વગેરે સાથે યોગ્ય અદબથી ચાલતી અને રોજ પોતાની માની રજા લઇને નિશાળમાં જતી. રસ્તામાં મર્યાદા સહિત ધીમે ધીમે ચાલતી, આમ તેમ જોવાને કદી વિચાર કરતી નહીં, તેમ દોડતી પણ નહીં. એવી રીતે નિશાળે જઇ પોતાના શિક્ષક આગળ હાથ જોડી નમ્રતાથી પ્રણામ કરીને પોતાની હમેશની જગ્યાપર બેસતી. તેના શિક્ષક પાઠ લેવાને તેને બોલાવતા ત્યારે પોતે તૈયાર કરેલા પાઠ એક ચિત્તથી સંભળાવતી. આ છોકરીનાં શીલ ને ગુણ જોઈ તેના શિક્ષક ઘણા પ્રસન્ન થતા, ને ઘણા ઉત્સાહથી તેને પાઠ સમજાવતા. ચંદ્રભાગા પણ ભણતી વખતે ચિત્રની માફક સ્થિર રહી ચિત્ત લગાડીને પોતાના શિક્ષકની કહેલી વાત ધ્યાન દઈ સાંભળતી, અને તેમાંથી જરા પણ મન ખસેડ્યા વગર સારી રીતે પાઠ સમજી લેતી.

ત્યારપછી પોતાની જગ્યાએ પાછી બેશી જઇ શાંત મનથી તથા ધીરજથી પોતાના પાઠ બરોબર ગોખતી ને એક અક્ષર પણ સમજ્યા વગરનો રહેવા દેતી નહીં. વળી દરેક શબ્દનો ઉચ્ચાર ઘણો શુદ્ધ અને સ્પષ્ટ કરતી. કદાપિ કોઇ વાર કંઇ પણ પૂછવાની જરૂર પડતી ને પોતાના શિક્ષક શિખવવામાં ગુંથાયા હોય, તો તે વેળાએ વચમાં અડચણ કરતી નહીં, પણ તેમને નવરા પડેલા દેખતી ત્યારે ઘણી નમ્રતાથી હાથ જોડી પૂછતી અને પોતાના મનની શંકા દૂર કરતી, અથવા પોતાની સાથે શિખનારીઓને પૂછી અઘરૂં લાગતું તે સમજી લેતી. ઘડીએ ઘડીએ પોતાના શિક્ષકને તસ્દી આપતી નહીં. વળી પોતાની સાથેની સઘળી નાની મોટી છોકરીઓ સાથે હંમેશાં પ્રેમ સહિત મધુર વચનથી બોલતી. કોઇ પણ વખત કોઇ પણ સાથે ઊંચે સાદે વાત કરતી નહીં. કદાપિ જો કોઇ છોકરી તેનાપર ખરા કે ખોટા કારણથી ગુસ્સે થતી, તો નરમાસથી અને મીઠું મીઠું બોલીને તે તેને સમજાવતી, અને શાંત કરી દેતી; તે એટલે સુધી કે તેનાપર ગુસ્સે થયલી છોકરી પોતેજ પોતાના મનમાં લજવાઇ જતી, અને કહેતી કે, આ શાણી છોકરીને નાહક મેં કઠોર વચન કહ્યાં. કહ્યું છે કે:—

દોહરો

મધુર વચન સુણીને મટે, આવેલું અભિમાન;
જરા જળે દૂધનું મટે, જ્યમ ઉભરાનું તાન. ૪૬

વળી એમ પણ કહ્યું છે કે:—

દોહરો

બુદ્ધિમાનને જગતમાં, નથી શત્રુનો ત્રાસ;
વરસાદે પલળે ન જો, છતમાં છત્રી પાસ. ૪૭

જે છોકરીઓ કરતાં ચંદ્રભાગા વધારે શિખી હતી તેઓ જ્યારે એને કંઇ પૂછતી ત્યારે ઘણા હેતભાવથી તે તેમને બતાવતી અને સારી રીતે સમજ પાડી તેમનો સંદેહ દૂર કરતી. કોઈ કવિનું વચન છે કે:—

દોહરો

વિદ્યારૂપી ધનતણું, અતિ આશ્ચર્ય જણાય;
ખરચ્યા વિણ ખૂટી પડે, વધે જેમ વપરાય. ૪૮

જે બાળક પોતે થોડું શિખેલું હોય, તે બીજાઓને બતાવતું રહે નહીં તો ઘણું કરીને પાછળનો શિખેલો ભાગ તે ભૂલી જાય છે. જ્યારે ચંદ્રભાગા નવેક વરસની થઇ ત્યારે તેની માતાએ હાથકારીગીરીની વિદ્યા એટલે સિવવા, ગુંથવા, ભરવા વગેરેનું કામ શિખવવાનું શરૂ કર્યું; કેમકે, સ્ત્રીઓનાં કામોમાં એક મુખ્ય કામ સિવવા ભરવાનું છે. જે સ્ત્રી એવું કામ જાણતી નથી, તેને ચતુર સ્ત્રીઓમાં માન મળતું નથી. રોજ ભણવા ઉપરાંત ચંદ્રભાગા પોતાની મા બતાવતી, તે પ્રમાણે મન દઇને સિવવા ભરવાનું કામ શિખવા લાગી, અને મહેનત કરીને થોડાજ વખતમાં તે ડાહી કન્યા તે કામ શિખી ગઇ, અને જૂદી જૂદી તરેહના ચિત્રવિચિત્ર બુટ્ટા વગેરે નમુના કાઢવા લાગી. તે દશ વર્ષની થઇ ત્યારે, ઘરધંધો અને રસોઇ પાણીનું કામ જાણવું જરૂરનું છે એમ સમજી, તેની માએ તેને તે શિખવવા માંડયું. આ કામ આવડ્યા વગર કોઇ પણ સ્ત્રીનો સંસાર સારી રીતે ચાલી શકતો નથી, માટે એ પણ જરૂરનું કામ ગણાય છે. ઘણી ચોકસાઈથી ઘરધંધાનું કામ ચંદ્રભાગા શિખવા લાગી. ઘરધંધો કરવામાં તે એટલી કાળજી રાખતી કે, જે વસ્તુ જ્યાંથી લીધી હોય ત્યાં આગળ તે પાછી મૂકતી, અને જે વસ્તુ જ્યાં રાખવી જોઇએ

ત્યાં આગળ રાખતી. કામ થઇ રહ્યા પછી ગમે તે વસ્તુ ગમે ત્યાં રખડતી નાંખવી નહીં; એમ કરવાથી હંમેશાં શોધવા મૂકવાને માટે નકામી મહેનત કર્યા કરવી પડે છે ને વળી જરૂરને વખતે જોઇતી ચીજ તરત જડતી નથી. જોઈતી વસ્તુ જલદી ન મળી આવવાને લીધે કામમાં ખોટી થવું પડે છે, ને કેટલીક વાર નુકસાન થાય છે. તેટલા માટે વસ્તુ જયાંથી લેવી તે જગ્યાએજ કામ થઇ રહ્યા પછી પાછી મૂકવાની ઘણી કાળજી રાખવી, ને કદી પણ આળસથી ગમે ત્યાં પટકી ન દેવી. સ્ત્રી પુરુષોએ આળસ દૂર કરવું જોઇએ; કેમકે આળસ માણસનો મોટો શત્રુ છે. શરીરમાં આળસને પેસવા દેવાથી હાનિ થાય છે ને લાભ કદી થતો નથી. એવું નીતિવચન છે કે, મ્હોટાઇ મેળવવાની ઇચ્છા રાખનારા માણસે ઊંઘ, તંદ્રા*, ભય, ક્રોધ, આળસ ને ઢીમાપણું, એ છ દોષ દૂર કરવા જોઇએ.

કોઇ વખત જો ચંદ્રભાગાને કપડાં ઊંચાં નીચાં મૂકવાનું કામ સોંપવામાં આવતું તો તે દરેક કપડું ખંખેરી ઝાટકી સાફ કરી તેની ઘડી કરતી, અને પેટી લુછી કરીને તેમાં દરેક લુગડું ઘણી સાવચેતીથી મૂકતી. આ રીતે કપડાં રાખવાથી તે જલદીથી ચોળાઇ જતાં નથી, તેમ મેલાં થતાં નથી. લુગડાં મેલાં થયાં હોય, ને તેને ધોવાની પૂરતી સગવડ હોતી નથી, તો તે કધોણુ થઇ જાય છે, અથવા વારે ઘડીએ ધોબીને લુગડાં આપવાં પડે છે, તેથી તેનું આવરદા ઘટે છે, ને જલદીથી ફાટી જાય છે; તેટલા માટે આવા કામમાં સ્ત્રીઓએ ઘણી કાળજી રાખવાની જરૂર છે. આ સઘળાં કામો ચંદ્રભાગા સારી રીતે કરવા લાગી ત્યારે તેની માએ તેને રસોઇ કરવાનું કામ શિખવવાનું શરુ

* ઊંઘને લીધે આળસવાળી સ્થિતિ.

કીધું; કેમકે જે સ્ત્રી ચોખ્ખાઈ રાખીને સારી જોઇએ તેવી રસોઈ બનાવી શકતી નથી, તે ખરેખર ફુવડ ગણાય છે. સારી રસોઇ બનાવવાનું કામ ચંદ્રભાગાએ શ્રમ લઇને થોડા દિવસમાં શિખી લીધું. અને તે ઘણી ચોખ્ખાઈથી તથા સુઘડતાથી અનેક પ્રકારનાં પકવાન્ન, મીઠાઇ વગેરે બનાવવા લાગી. દરેક વસ્તુ બનાવવામાં ચતુરાઇ અને સુઘડતા વાપરતી, અને તે ઘણી સ્વાદિષ્ઠ બનાવતી. એની ચતુરાઈ અને હોંશિયારી જોઈને એનાં માબાપનું હૈયું ફૂલી આવતું હતું. એવું કહ્યું છે કેઃ—

દોહરો

કુળના એક સપૂતથી, આખું કુળ વખણાય;
એકજ ચંદન વૃક્ષથી, વન જ્યમ વાસિત * થાય. ૪૯

દિવસે દિવસે ચંદ્રભાગા પોતાના સઘળા કામોમાં નિપુણતા અને પ્રવીણતા વધારે વધારે દેખાડતી ગઇ; વિદ્યા મેળવવા તરફ અને તેમાં દિનપ્રતિદિન વધારો કરવા તરફ તે હંમેશાં લક્ષ રાખતી. પોતાનાં પુસ્તકને પોતાની સખી સાહેલી સમાન ગણતી; કદી તે પુસ્તક બગાડતી નહીં. પોતાની સખીઓ સાથે વાતચિત કરવામાં તે ઠાવકાઈ રાખતી. એને હાથે કંઈપણ કામ કઢંગું થતું નહીં. પોતાના માબાપ તથા ભાઈ બહેન વગેરે સર્વ કુટુંબનાં માણસોને તે હંમેશાં પ્રસન્ન રાખતી; વગર કારણે કોઈ વાત મ્હોં બહાર કાઢતી નહીં. મૂર્ખ સ્ત્રીઓની સાથે ઉઠવા બેસવાનું ઓછું રાખતી, કેમકે તેવીની સોબત તેને ગમતી નહોતી. વળી હંમેશાં લાજ મર્યાદાથી યોગ્ય રીતે વર્તી સઘળાં આડોસીપાડોસીઓના મનને આનંદ પમાડતી હતી. એક દિવસ તેણે પોતાની મા આગળ હાથ જોડીને ઘણી નમ્રતાથી તથા

* સુગંધીવાળું.

મધુર વચનથી તેને પૂછયું કે, હે મા, હું ઘણી સ્ત્રીઓને ગાતી વગાડતી જોઉં છું; અને તમે મને સ્ત્રીઓના બીજા ગુણો તો સઘળા શિખવ્યા, પણ ગાવા વગાડવાનું શિખવ્યું નહીં, તો શું એ બાબત શિખવા જોગ નથી ? વિદ્યાગવરી ઘણા પ્રેમ સહિત બોલી કે, ગાયનવિદ્યા તો શ્રેષ્ઠ છે, એમાં શક નથી; કારણ કે ગાવા બજાવવાથી મનની કળી ખીલે છે અને મનમાં ઘણો આનંદ પેદા થાય છે; પરંતુ ગાવાનું ત્રણ પ્રકારનું છે, ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ. ગૃહસ્થની સ્ત્રી ઘણું ખરૂં ત્રણે પ્રકારનાં ગાયન ગાયા કરે છે, ને વિચાર નથી કરતી કે, કેવાં ગીત ગાવાં સારાં છે, અને કેવાં હાનિકારક છે. એ કારણને લીધે મેં હાલમાં તને ગાયનવિદ્યા શિખવી નથી. ચંદ્રભાગા બોલી કે, માજી, ગાયનના ત્રણે પ્રકાર જાણવાની મને ઘણી ઇચ્છા છે. વિદ્યાગવરી પ્રસન્ન મુખથી બોલી કે, બહેન, ધ્યાન દઇને સાંભળ, તે હું સમજાવું છું. ઉત્તમ ગાયન તો એજ કે, જેમાં ઇશ્વરના ગુણનું વર્ણન હોય, અને જે ઘણુંખરૂં ધર્મ સંબંધી ક્રિયાઓ વખતે ગવાય છે. આવાં ગાયનથી મનુષ્ય આ લોક અને પરલોકમાં યશ અને સુખ મેળવવાને યોગ્ય થાય છે, ને તેથીજ એને ઉત્તમ ગાણું કહે છે, અને સારી સ્ત્રીઓ ઘણે ભાગે આ પ્રકારનાંજ ગીત ગાય છે. મધ્યમ પ્રકારનું ગાયન એ તેનો બીજો પ્રકાર છે. જે ગીત લોકવ્યવહાર વખતે, એટલે જન્મ, વિવાહ, વગેરે પ્રસંગ ઉપર ગાવામાં આવે છે, અને એવા ઉત્સવ તથા વ્યવહારનું જેમાં વર્ણન કરેલું હોય છે, તે બીજા પ્રકારમાં આવે છે. આવાં ગીતોથી નથી લાભ કે નથી હાનિ. ફક્ત ઉત્સવ વખતે હર્ષ અને આનંદ દેખાડવાની મતલબથી તે ગાવામાં આવે છે. એવો હેતુ હોવાથી આવું ગાણું મધ્યમ પ્રકારનું ગણાય છે;

પરંતુ લોકાચારને લીધે સઘળાંને એવાં ગીત ગાવાં પડે છે, તેથી તેમાં કાંઇ દોષ નથી. ત્રીજા પ્રકારનું ગાયન કનિષ્ઠ કહેવાય છે; કેમકે એમાં ઘણી હલકી બાબતનું વર્ણન આવે છે, એટલે ગાળ વગેરે અપશબ્દો તેમાં ઘણા હોય છે. ફટાણાં વગેરે આવા પ્રકારનાં ગીતો ઘણુંખરૂં નઠારી સ્ત્રીઓ મ્હોડે જોડે છે, અને ઘણી હોંસથી તેજ ગાય છે, તથા તેવાં ગીત સાંભળીને તેઓ ઘણી ખુશી થતી જણાય છે; પરંતુ સારી, કુળવાન ને સભ્ય સ્ત્રીઓ એવાં ગીતોનો એક શબ્દ પણ મ્હોડેથી કાઢતી નથી એટલુંજ નહીં, પણ તેવાં સાંભળીને લજ્જા પામે છે. એવાં ગીતોથી મૂર્ખ સ્ત્રીઓનાં મન બગડે છે એ મોટું નુકસાન છે; અને તેમનું મન ચલિત થવાથી તેઓ અધર્મ ને અનીતિનાં કામ કરે છે. આવું ઝેર વિદ્યા વગર કોણ જેરવી શકે ? કવિનું વચન છે કેઃ—

દોહરો

રસ અનરસ સમજ્યા વિના, કરે પ્રેમની વાત;
વીંછી મત્ર જાણે નહીં, સાપ ઉપાડે હાથ. ૫૦

જો કે સઘળી સારી નઠારી સ્ત્રીઓ સારી રીતે જાણે છે કે, આવું ગાણું ધિક્કારવા જોગ છે, અને એવા નિર્લજ શબ્દો સ્ત્રીઓને મ્હોડેથી નિકળવા જોઇએ નહીંજ, તોપણ મૂર્ખ સ્ત્રીઓ નઠારાં ગીતો ગાઇને જેટલા આનંદથી નાચવા કુદવા લાગે છે, તેટલો આનંદ ઉત્તમ ગીતો ગાઇને તેમને થતો જણાતો નથી. કોઇક કવિનું વચન છે કેઃ—

દોહરો

જે જેના મનમાં ગમે, તેના ગુણ તે ગાય;
ઝેરતણા જમનાર વીખ, અમૃત જાણી ખાય. ૫૧

એમનો સ્વભાવ જ્યારે કુછંદી થઈ જાય છે, ત્યારે તેમાંથી તેમને છૂટા કરવાનું કામ ઘણું કઠણ થઈ પડે છે. કહ્યું છે કેઃ—

દોહરો

સુધરે નહીં કુવાણી જે, કરે અનેક ઉપાય;
શિખવે લક્ષણ પણ કદી, કાગ ન કોયલ થાય. ૫૨

ઘણુંખરૂં વિવાહ વગેરે ઉત્સવોમાં સઘળા પ્રકારની સારી નઠારી સ્ત્રીઓ એક જગ્યાએ મળે છે ને ગીતો ગાવા વગેરેનું કામ ચલાવે છે; પરંતુ તેઓમાં જે મૂર્ખ હોય છે, તેજ નઠારાં ગીતો ચિત્ત લગાડી ગાય છે ને સાંભળે છે; અને ધીમે ધીમે નઠારી સ્ત્રીઓનાં ટોળામાં ભરાય છે; પરંતુ જેઓ સદ્ગુણી ને બુદ્ધિમાન હોય છે, તેઓ નઠારાં ગીતોપર લક્ષ આપતી નથી, પણ કોઇ બીજી સારી વાતોમાંજ પોતાનું મન લગાડી દે છે; તેવાં કારણથી તેમની બુદ્ધિમાં કોઇ પ્રકારનો વિકાર ઉત્પન્ન થતો નથી. કવિનું વચન છે કેઃ—

દોહરો

સહજ શીલ ગુણ સુજનનો, ખલમતિ કરે ન ભંગ;
રત્ન દીપ બુઝાય નહીં, પામી પવન પ્રસંગ. ૫૩

વળી એવું પણ કહ્યું છે કેઃ—

દોહરો

તુલસી * ઉત્તમ પ્રકૃતિકો, કહા કર સકત કુસંગ ।
ચંદન વિષ વ્યાપે નહીં, લિપટે રહત ભુજંગ ।। ૫૪

આટલી વાત સાંભળીને વિદ્યાગવરી બોલી કે, હે પુત્રી, ગાયનવિદ્યાના ત્રણ પ્રકાર મેં તને સંભળાવ્યા. હવે જે ઇચ્છા

* તુલસી શુદ્ધ સ્વભાવને, શું કરી શકે કુસંગ;
ચંદન વિષ વ્યાપે નહીં, વળગી રહે ભુજંગ.†

†સાપ.

હોય તે કહે. ચંદ્રભાગાએ નમ્રતાથી અને મધુર વચનથી જવાબ આપ્યો કે, માતાજી, ગાયનના ત્રણ પ્રકાર હું સારી રીતે સમજી; તે ઉપરથી મારા જાણવામાં એટલું તો આવ્યું કે, જેમ દૂધ ને પાણી એકઠાં થયાં હોય છે તેમ આ વિદ્યામાં ગુણ અને અવગુણ બન્ને એકઠાં મળી ગયાં છે. જે સ્ત્રીઓએ બાલ્યાવસ્થાથીજ વિદ્યાભ્યાસ કરી મનને રાજહંસ જેવું બનાવ્યું હોય છે તે તો પાણીરૂપી અવગુણને છોડી દઈ દૂધરૂપી ગુણ ગ્રહણ કરે છે; અને જે સ્ત્રીઓએ વિદ્યારૂપી દીવાથી પોતાના હૃદયરૂપી ઘરમાં અજવાળું કીધું નથી હોતું, તેમણે પોતાના મનને એવું બનાવ્યું હોય છે કે, જુવારના રાડાના ગરની માફક દૂધરૂપી ગુણને છોડી દઈ, જળરૂપી અવગુણ તેઓ જરૂર ગ્રહણ કરે છે. (જુવારના રાડાના ગરમાં એવો ગુણ હોય છે કે, જો તેને પાણીવાળા દૂધમાં નાંખીએ તો દૂધને મૂકી પાણીને ચુસી લે છે.) કોઈ કવિનું વચન છે કેઃ—

દોહરો

હરિરસ તજી ધરી વિષયરસ, સુખ માને અજ્ઞાન;
અમૃત તજી જેમ કરે, કોઈ મૂર્ખ વિષપાન. ૫૫

વળી એમ પણ કહ્યું છે કેઃ—

દોહરો

જેના મનમાં જે ગમ્યું, તેને તેનું કામ;
* આકતણા કીડા તણું, આંબામાં નહિ કામ. ૫૬

ચંદ્રભાગાનાં આવાં બુદ્ધિવાળાં વચન સાંભળીને વિદ્યાગવરી ઘણી પ્રસન્ન થઇ, અને મનમાં વિચાર કરવા લાગી કે, એના હૃદયરૂપી ઘરમાં વિદ્યારૂપી દીવાએ સારી રીતે પ્રકાશ કીધેલો જણાય છે. કોઈ કવિનું વચન છે કેઃ—

* આકડો.

દોહરો

માતપિતાનો હોય સહુ, સુતપર સરખો પ્યાર;
સપૂતથી શાંતિ લહે, કપૂતથી દુઃખ અપાર. ૫૭

તે ઉપરથી વિદ્યાગવરીએ વિચાર કીધો કે, આ પુત્રી ગાયનવિદ્યા શિખવાને હવે યોગ્ય થઇ છે. એના મનમાં કોઈ પણ પ્રકારનો વિકાર ઉત્પન્ન થવાનો સંભવ જણાતો નથી. ઘણું ખરૂં લગ્ન વગેરે પ્રસંગોમાં સ્ત્રીઓને ગાવા કરવાનાં કામમાં જરૂર પડે છે, તેથી ચંદ્રભાગાને પણ એ વિદ્યા શિખવવી યોગ્ય છે, એવો વિચાર મનમાં લાવી પોતાની પુત્રીને ઉત્તમ અને મધ્યમ એવાં બે પ્રકારનાં ગીત તેણે સારી રીતે શિખવ્યાં, અને કહ્યું કે, બહેન! કનિષ્ઠ ગાયનમાં કદી પણ મન લગાડતી નહીં.

થોડા દિવસ મહેનત કરવાથી ચંદ્રભાગા પાકશાસ્ત્રમાં (રાંધવા સિધવાના કામમાં) હોંશિયાર થઇ હતી, અને બાર વરસની ઉમર થતાં સુધીમાં સ્ત્રીના દરેક ધર્મ જાણી ઘણી કુશળ બની. ઉત્તમ સ્ત્રીઓમાં જે જે ગુણ હોવા જોઈએ, તે સઘળા ગુણ ચંદ્રભાગામાં આવ્યા. તેની ધીરજ અને ગંભીરતાની વાતો સાંભળી ગામનાં બધાં સ્ત્રી પુરુષો તેનાં વખાણ કરવા લાગ્યાં. આવી ગુણવાન અને સુશીલ કન્યા જેને ઘેર જન્મી, એવી વિદ્યાગવરીના ઘરને ધન્ય છે, એવું સઘળાં કહેતાં. એ કન્યાની કીર્તિ આખા શહેરમાં ફેલાઈ રહી, ને જ્યાં ત્યાં એની ખુબીની વાતો સંભળાતી હતી. એક દિવસ વિદ્યાગવરીની ફુલકોર નામની પાડોસણ પોતાની દિકરી કુબુદ્ધિબાઇને લઇને વિદ્યાગવરીને ઘેર આવી અને કહેવા લાગી કે, વિદ્યાગવરી, તમે ઘણાં ભાગ્યશાળી છો, ને તમારૂં પુણ્ય વખાણવા યોગ્ય છે. તમારે પેટે આવી બુદ્ધિમાન, ગુણવાન અને સુશીલ ચંદ્રભાગા જેવી પુત્રી પેદા

થઇ છે, તે ગામેગામ તમારી કીર્તિ ફેલાવશે અને પોતાના પિયેરના તથા સાસરાના બન્ને કૂળને તે શોભાવશે. જો પરમેશ્વર દિકરી આપે તો તમારી ચંદ્રભાગાના જેવીજ આપજો, ને મારી કુબુધ્ધિબાઈ જેવી છોકરી કોઇને ન આપશો; એવી છોકરી હોવા કરતાં વાંઝિયાં રહેવું હું વધારે સારૂં સમજું છું. મારે પેટે આવી દુઃખદાયી કન્યા પેદા થઈ છે, તેથી હું ઘણી અભાગણી છું. જગતમાં એ મારી અપકીર્તિ કરાવશે. હું એને લીધે ઘણી દુઃખી છું. રાત દહાડો ઘરમાં કલેશકંકાશ મચાવી રહે છે, અને હંમેશાં નઠારી છોકરીઓની સોબતમાં રગ્યા ને કૂદ્યા કરે છે. મારૂં કહ્યું તો કાંઇ ગણકારતીજ નથી, ને પોતાનું સૂઝયું કામ કર્યા કરે છે, ઘરનો કામધંધો કરવામાં તો મનજ નથી લગાડતી. આખો દહાડો નકામો બકવાદ કરીને મારૂં માથું પકવી નાંખે છે અને નઠારાં નઠારાં ગીત ગાયા કરે છે. ગામનાં બધાં લોક એની વાતો કરે છે, ને એને લીધે મને વગોવે છે. એને જોઇને હું તો ઘણી લજવાઇ મરૂં છું. એને લીધે મારે રોજ મ્હેણાં ટોણાં સાંભળવાં પડે છે. એ નઠોર છોકરીને હુ ઘણી ઘણી રીતે સમજાવીને થાકી, પણ મારા કહેવા બોલવા ઉપર એ કંઈ ધ્યાનજ આપતી નથી. હવે મારે શું કરવું, તે સૂઝતું નથી. મારો જીવ તો બળીને ખાખ થઈ જાય છે. આ બધી વાત સાંભળી વિદ્યા ગવરી બોલી; અરે બહેન, તમે કહો છો ખરાં, પણ આ છોકરીનો કંઈ પણ દોષ હોય એવું મને જણાતું નથી; એમાં સઘળો દોષ તમારોજ છે. જો તમે એને બાળપણથી વિદ્યાભ્યાસ કરાવ્યો હોત, અને સ્વભાવ સુધારવા પાછળ મંડ્યા હોત, તો આ દશાએ તમે શેનાં પહોંચત? હવે તો એનો સ્વભાવ બગડી ગયો છે. માટે તેનો ઉપાય ઘણો કઠણ છે. ખરે બહેન, તમે પહેલાંથીજ

એનો સ્વભાવ સુધારવાનો ઉપાય ન કીધો, એ સારૂં કર્યું નહીં. તમને તો આ પ્રમાણે ફક્ત મનમાં લાગશે એટલુંજ, પણ એ બિચારીનો તો આખો જન્મારો નકામો જેવો ગયો એવું સંભવે છે. પોતાના બાળકને શિખવવા ઉપર માબાપ જો તનમનથી ધ્યાન આપે, અને પછી પણ તેનો સ્વભાવ બગડી જાય, તો પણ એટલું નક્કી જાણવું કે માબાપના થોડા ઘણા પણ આળસને લીધેજ એવી દશાએ તેઓ પહોંચે છે. હવે પછવાડેથી પસ્તાવો કરવાથી શું વળે? ખરો વખત તમે ખોયો છે; કોઈ કવિનું વચન છે કેઃ—

દોહરો

આવરદા ઓછું રહ્યું, પ્રભુથી કર્યો ન પ્રેમઃ
ખાઇ ગયાં ચીડ ખેતરો, પછી પસ્તાવું કેમ? ૫૮

પરંતુ હજી પણ, બહેન, તમારી દીકરીનો જન્મારો સુધારવાને માટે જો તમારાથી કંઇ યત્ન થઇ શકે તો તે કરવું ઘટારત છે. થોડું ઘણું પણ તે ફાયદાકારક થશે. કેમકે કોઇની પણ કરેલી મહેનત બરબાદ જતીનથી. વિદ્યાગવરીએ પુલકોરને આ પ્રમાણે દિલાસો આપીને વિદાય કરી. બાલ્યાવસ્થાની આટલી કથા ચંદ્રશંકરે પોતાની પુત્રી રત્નગવરીને સંભળાવીને કહ્યું કે, જે છોકરી બાળપણમાં વિદ્યા શિખવામાં મન લગાડશે, તે ચંદ્રભાગાની માફક આ લોક તથા પરલોકમાં પોતાની કીર્તિ વધારશે, અને અનેક પ્રકારનું સુખ ભોગવશે; અને જે છોકરી ભણવા લખવામાં ચિત્ત લગાડશે નહીં, તે કુબુદ્ધિબાઈની માફક સંસારમાં પોતાની તથા પોતાનાં માબાપની નિન્દા કરાવશે અને અનેક પ્રકારનું દુઃખ ભોગવશે.

આ પ્રમાણે બાલ્યાવસ્થાની સંપૂર્ણ કથા સુલક્ષણા શેઠાણીએ ધરમદાસ શેઠને કહી સંભળાવી.

અધ્યાય ૩ જો.

યુવાવસ્થાનો પ્રારંભ.

ધરમદાસ શેઠે પોતાની સ્ત્રી સુલક્ષણાને કહ્યું કે, બાલ્યાવસ્થાની હકીકત સાંભળી મારૂં મન ઘણું પ્રસન્ન થયું છે; હવે યુવાવસ્થાનું વર્ણન સાંભળવાની મારી ઈચ્છા છે. સુલક્ષણા શેઠાણી પ્રસન્ન ચિત્તથી બોલી, પ્રાણનાથ ! જ્યારે ચંદ્રશંકર પાઠક પોતાની પુત્રી રત્નગવરીને બાલ્યાવસ્થાની કથા સારી રીતે શિખવી રહ્યા ત્યારે તેમણે યુવાવસ્થાની કથા શરુ કરી. એનું પહેલું વાકય આ છે:—

દોહરા

યૌવન ધન લાવણ્યતા, પામી નમ્ર જે થાય;
સ્તુતિ તેની સર્વે કરે, જગમાં સુજશ ગવાય. ૫૯
ભણ્યા વિના વિદ્યા ભલી, આ ગુણ આવે કેમ;
તેથી મહેનતથી ભણો, તન મન દે ધરી પ્રેમ. ૬૦

ચંદ્રશંકર બોલ્યા કે, જે છોકરી ડાહીગવરીની માફક પોતાના સાસરામાં વર્તે છે, તે પોતાના બાપના ને સસરાના બન્ને કુળનું ભૂષણ થાય છે. રત્નગવરીએ પૂછ્યું, એ શી રીતે ? ચંદ્રશંકર બોલ્યા કે સાંભળ, તે વાત કહું છું.

મુંબઇ શહેરમાં એક ચંપકલાલ નામનો ઘણો ગુણવાન કાયસ્થ રહેતો હતો. તેને ડાહીગવરી નામની ઘણી રૂપવાન અને ગુણવાન ધર્મપત્ની હતી. આ ચતુર સ્ત્રી બાલ્યાવસ્થામાં પોતાના માબાપને ઘેર ભણી સારી રીતે વિદ્યા શિખી હતી, તેથી તેના હૃદયમાં વિદ્યારૂપી દીવાનો પ્રકાશ થઇ રહ્યા હતો. સારી નરસી અક્કળી વાતની તેને પાકી સમજ હતી, અને તે પોતાના મગતા-

વડા સ્વભાવથી તથા ઠાવકાઇથી ઘરનાં સઘળાં માણસનાં મન હંમેશાં ખુશ રાખતી હતી. એવું કહ્યું છે કે:—

દોહરો

કોયલ નવ દે કોઇને, હરે ન કોનું કાગ;
મીઠાં વચનથી સર્વનો, લે કોયલ અનુરાગ.* ૧૧

ડાહીગવરી પોતાનાં સાસુસસરા, જેઠજેઠાણી વગેરે વડીલોને આદરમાનથી બોલાવતી ને તેમની મર્યાદા કદી લોપતી નહીં; અને દિયેર દેરાણી નણન્દ વગેરે તેનાથી નાની વયના કુટુંબી ઉપર દયાભાવ રાખતી, તથા અનેક પ્રકારની કથા પ્રસંગો સંભળાવી અને દાખલાઓ આપી તેમને સારી શિખામણ આપતી. ને ચતુર સ્ત્રી સવારમાં સઘળાંથી પહેલી ઉઠતી, અને દરેક કામ પોતાની સાસુની મરજી મુજબ ઠાવકાઇથી અને ચેવટ રાખી કરતી. કોઇપણ કામ કદી ઉતાવળ કરીને બગાડતી નહીં. બુદ્ધિમાનનું વચન છે કે, હરેક કામ ઘણી ધીરજ રાખી સાવધાનીથી ગભરાયા વગર કરવું જોઇએ; કોઇ પણ કામમાં ઉતાવળ કરવી તે સારૂં નથી, કેમકે ઉતાવળ કરવાથી ઘણુંખરૂં કામ બગડી જાય છે. કહેવત છે કે 'ઉતાવળા સો બાવરા, ધીરા સો ગંભીર.' તે સુશીલ તથા ચંચળ સ્ત્રી કામ કરવામાં કદી આળસ રાખતી નહીં. જે કામ તેને સોંપવામાં આવતું, તે ઉમંગથી અને આનંદથી કરતી; કદી પણ મૂર્ખ સ્ત્રીઓની માફક મ્હોડું ચઢાવતી નહીં. ઘણુંખરૂં મૂર્ખ સ્ત્રીઓનો સ્વભાવ હોય છે કે, જો કદાપિ કંઇ કામ તેમને કરવું પડે તો મ્હોડું ચઢાવી તે કામ કરતાં પોતાનો ગુસ્સો ગમે તેમ બતલાવે છે, અને મ્હોડેથી કંઇ કંઇ

---

* પ્રીતિ.

અખડતી જાય છે. સાસુ અથવા બીજા કોઇના કહેવાથી કામ કરવું પડે તો ગુસ્સામાં ને ગુસ્સામાં કેટલીકવાર તો તેઓ પોતાનાં બિચારાં નિરપરાધી બાળકને પણ મારે છે. સ્ત્રીઓનો આવો સ્વભાવ ઘણો વખોડવા લાયક છે. તેમ વિદ્યા શિખેલી ન હોવાને લીધે તેવો સ્વભાવ તેઓ બદલી શકતી નથી અને તેથી હંમેશાં આવી નઠારી દશામાં ફસેલી ને ફસેલી રહે છે. ડાહીગવરી ગમે તેવું હોય, તોપણ પોતાનું મન ખુશ રાખતી હતી. તેનું મ્હોડું જ્યારે જોઇએ ત્યારે હસતું જણાતું. કોઇ પણ વેળા તે ઉદાસ જણાતી નહીં. કદાચિત્ કોઇ પુરૂષ કે સ્ત્રી ગેરસમજથી તે સુલક્ષણાપર ગુસ્સે થતાં, તોપણ તે પોતાના મુખકમળપર જરાએ ઉદાસીનું ચિહ્ન દેખાડતી નહીં, પણ ઉલટી પોતાની ગંભીરતા તથા ડહાપણથી તેમની ગેરસમજ દૂર કરી, એવી રીતે તેમને શાંત પાડતી કે, તેઓ પોતાના મનમાં શરમાઇ જતાં, અને પસ્તાવો કરીને કહેતાં કે, અમે નકામાં આ ડાહીગવરીને કઠોર વચન કહ્યાં. કવિનું વચન છે કે:—

દોહરો

સમજ્યા વિણ જે નર ધરે, હૃદય વિષે અતિ રોષ;
પાછળથી પસ્તાય તે, લાજે દેખી દોષ. ૬૨

જો કોઈ વાર ડાહીગવરીને તેની સાસુ રસોઇ કરવાનું કહેતી તો તે ચતુર સ્ત્રી ઘણી સ્વચ્છતા તથા ચોખ્ખાઇથી રસોઈ કરતી, અને અનેક તરેહનાં પકવાન વગેરે સ્વાદિષ્ઠ પદાર્થો બનાવી ઘરનાં સઘળાં સ્ત્રીપુરૂષોને ઘણા પ્રેમભાવથી તે જમાડતી. વળી પોતાના કામમાંથી પરવારતી ત્યારે પોતાની સાસુ નણન્દ વગેરેને કામ કરવા લાગતી, અને કોઇનું માથું ગુંથતી, તો

કોઇનો ચોટલો હોળી જૂ વગેરે કાઢતી, અથવા ચોળી કાંચળી સિવવાનું કે ભરવાનું કંઈ કામ લઇ બેસતી; પોતાની પાસે બેસનારીઓને સારી શિખામણની અને ખુશી કરે તેવી વાતો સંભળાવી પ્રસન્ન કરતી ને આનંદ આપતી; કદી પણ મૂર્ખ સ્ત્રીની માફક તે વર્તતી નહીં. મૂર્ખ અને કર્કશા સ્ત્રીઓ પોતાના કામધંધામાંથી પરવારે છે, ત્યારે ઘણે ભાગે પથારી નાંખીને સૂઈ રહે છે, અથવા આખા ગામની કુથલી કરે છે, કે ગમે તે કોઇ બે જણને એવી ભરમાવી મારે છે કે, માંહોમાંહે લડાઇનાં તોફાન ઉઠે છે ને ઝઘડા મચે છે. એવી મૂર્ખ સ્ત્રીઓની વાતો સાંભળી કોઇ રાજી થતું નથી. કોઇ કવિનું વચન છે કેઃ—

દોહરો

કાવ્યશાસ્ત્ર આનંદમાં, ડાહ્યાના દીન જાય;
નદ્રા* ક્લેશથી મૂર્ખનો, જન્મ પૂરો ઝટ થાય. ૬૩

રાતે સઘળો કામધંધો એટલે ઢાંકવા ઢુંકવાનું કરીને ઘરનાં માણસ સુઈ ગયા પછી પોતાના સ્વામીની સેવામાં તે હાજર થતી અને અનેક પ્રકારની મનોરંજક વાતો કરી પોતાના પતિને આનંદ પમાડતી તથા સુખ આપતી. વાતો કરતાં ઘણી રાત જતી તો ડાહીગવરી કોઇક વખતે પોતાના સ્વામીને નરમાસથી કહેતી કે, સ્વામીનાથ! ઉંઘવાનો વખત થયો છે માટે હવે સૂવું જોઇએ; બહુ જાગવાથી શરીર બગડે છે, અને એવું કહ્યું છે કેઃ-

દોહરો

રાતે વહેલા સુઇને, વહેલા ઉઠે જેહ;
વિદ્યા ધન પામે અને, રહે નિરોગી તેહ. ૬૪

* ઊંઘ.

ચંપકલાલ પોતાની સ્રીની બુધ્ધિ અને ચતુરાઇ જોઇને ઘણો આનંદ પામતો અને પોતાના સારા ભાગ્ય માટે ઈશ્વરનો ઉપકાર માનતો. ખરેખર જેની સ્રી મધુર બોલનારી અને સુશીલ હોય છે, તે માણુસ ઘણો ભાગ્યશાળી છે. એક દિવસ એવું બન્યું કે, ડાહીગવરી પોતાની સાસુના પગ દાબવા બેઠી, એટલે સાસુએ કહ્યું કે, અલી વહુ, ઘરના કામકાજથી તને થાક લાગ્યો હશે, માટે જરા આરામ લે; મારા પગ દાબવાની કંઈ બહુ જરૂર નથી. ડાહીગવરી બોલી, વાહ સાસુજી, એવું શું બોલો છો? મારૂં ધન્ય ભાગ્ય છે કે, મને આપની સેવા કરવાનું મળે છે. સાસુ બોલી, વહુ! તારૂં હૃદય વિદ્યારૂપી શણગારથી શોભાયમાન થયલું છે, તેથી કરીને સઘળી સારી નરસી વાતોને પણ તું રૂડી સમજે છે; પરંતુ જે સ્રી પોતાના હૃદયરૂપી ઘરમાં વિદ્યારૂપી અજવાળું નથી કરતી, તે તો મૂર્ખતાને લીધે ઘણી અભિમાની થઇ જાય છે, અને પોતાનાં સાસુ સસરાને સુખ આપવાને બદલે અનેક પ્રકારે દુઃખ દે છે, એટલુંજ નહીં પણ પોતાના ધણીને ઉંધું ચ-તું સમજાવીને જૂદું ઘર મંડાવે છે. આ વાત સાંભળી ડાહીગવરી બોલી કે, પૂજ્ય સાસુજી! તમારી વાત ખરી છે. મેં પણ ઘણી જગ્યાએ એવું જોયું છે, પરંતુ જે પોતાનાં હિતકારી સાસુસસરાને દુઃખ દેવાની ઇચ્છા રાખે છે, તે કંકુડી નામની ભીલડીની માફક ઘણી દુઃખી થાય છે. સાસુએ પૂછ્યું કે, એ શી રીતે? ડાહીગવરી બોલી, તેની વાત સાંભળો, હું કહું છું.

ઉદેપુરમાં જગલો નામનો એક ભીલ રહેતો હતો. તેને કંકુડી નામની ઘણી મૂર્ખ અને દુષ્ટ સ્રી હતી. તે ભીલનાં માબાપ ઘણાં ઘરડાં થઈ ગયાં હતાં. તે પોતાનાં વૃદ્ધ માબાપની સારી

રીતે સેવા કરતો હતો. પણ તેની સ્ત્રી કંકુડી દુષ્ટ સ્વભાવને લીધે પોતાનાં ઘરડાં સાસુસસરાને ગણકારતી નહીં, અને કઠોર વચન સંભળાવી સંભળાવી તેમને રોજ સંતાપ્યા કરતી. પોતાના ધણીને તથા છોકરાને સારૂં સારૂં ખવડાવતી અને પોતે પણ તેવું ખાતી. પરંતુ પોતાનાં સાસુસસરા, જેમનાં શરીર ઘડપણને લીધે ઘણાં ઘસાઇ ગયાં હતાં, તેમને લુખો પાખો રોટલાનો કકડો ખાવા આપતી. તેઓ બિચારાં દાંત ન હોવાથી સુકો રોટલો બરોબર ચાવી શકતાં નહોતાં, તેથી ભૂખને લીધે ઘણું દુઃખ પામતાં હતાં, અને ઇશ્વર પાસે રાત દિવસ મોત માગતાં હતાં. પેલી કંકુડીએ પોતાના ધણીના મનમાં પણ એવું ભેરવી મૂક્યું કે તે પણ પોતાનાં માબાપની પછીથી કંઈ ખબર અંતર લેતો નહીં. એક દિવસ લાગ મળવાથી તેની માએ તેને બોલાવીને કહ્યું કે, ભાઇ જગલા, હવે તો મારૂં મોત પાસે આવી ચૂક્યું છે, તેથી તને બે વાત કહેવાની મારી ઇચ્છા છે તે તું સાંભળે તો કહું. આવાં દીન વચન સાંભળી જગલાના મનમાં દયા ઉત્પન્ન થઇ, અને તે બોલ્યો કે, માવડી, જે કહેવું હોય તે કહે, હું ધ્યાન દઇને સાંભળીશ. તે બોલી, બેટા, મારા ઘડપણમાં મને સુખ મળશે. એવો વિચાર કરી અનેક પ્રકારનાં દુઃખ સહન કરી તને પાળી પોષી મેં મોટો કર્યો. તું ખાતોપીતો થયો ત્યારે, પહેલાં તને ખવડાવતી ને પછી હું ખાતી, ને કોઇ વાર ભૂખી પણ રહી જતી, પરંતુ તને ભૂખ્યો રાખતી નહીં. તે તું હાલમાં એવો નિર્દય થઇ ગયો છે કે, તારી બૈરીનું કહ્યું માની, અમારાપર પડતી પીડાનું ભાન સરખું રાખતો નથી. આ વાત સાંભળી જગલાની છાતી ભરાઇ આવી, અને આંખમાંથી આંસુ ટપકવા લાગ્યાં. પછી તેણે પોતાની માને કહ્યું કે, દુષ્ટ કંકુડી તમને

આટલું દુઃખ દે છે, એવું હું જાણુતો નહોતો. હવે હું પોતે તમારી સેવામાં હાજર રહીશ. એમ કહીને કંકુડીની પાસે જઇને બોલ્યો કે, અરે અભાગણી, શરીર ઉપર જેટલી રૂઆંટી છે, તેટલા વર્ષ સુધી માબાપની ચાકરી કરવાથી પણ પુત્રનો ઉદ્ધાર થતો નથી, તો તેં તો મારાં માબાપને ઘણું દુઃખ દીધું છે; હું તારૂં મ્હોં કદી જોનાર નથી. આટલું બોલી પોતાનાં માબાપની પાસે આવી તન મન અને ધન વડે તેમની ઘણી સારી ચાકરી કરવા લાગ્યો. કંકુડી પણ પોતાનાં નઠોર સ્વભાવને લીધે ગુસ્સો લાવી પોતાનાં છોકરાંને લઇ જૂદી રહી. કેટલાક દિવસ વીત્યા પછી કંકુડીએ પોતાના છોકરાને પરણાવ્યો, અને કર્કશા નામની વહુને તે ઘેર લાવી. જેવું તે વહુનું નામ હતું, તેવાજ તેનામાં ગુણ હતા. તે કર્કશાબાઈ મોટી થઇ, એટલે પોતાની સાસુને ઘણું દુઃખ દેવા લાગી ને આખરે લડીવઢી પોતાના ધણીને લઇને જૂદું ઘર માંડી બેઠી; આથી કંકુડી પોતાના પતી તેમજ પુત્ર બંનેથી છૂટી પડી, તેથી બહુ ગભરાવા લાગી અને ભીખ માગી પેટ ભરવાનો વખત આવ્યો જોઇ, પોતાની સાસુ પાસે ગઇ અને તેમને પગે પડી પોતાના છોકરા તથા વહુની સઘળી હકીકત કહી સંભળાવી. તેની સાસુ બધું સાંભળીને બોલી કે, હે પાપિણી, અમારો છોકરો નહોતો જાણુતો તેવી રીતે તેં અમને બંનેને દુઃખ દેવામાં બાકી રાખ્યું નથી; જેવું દુઃખ તેં અમને દીધું છે, તેવુંજ તું પણ ભોગવશે; કહ્યું છે કેઃ—

દોહરો

ઇચ્છે સુખ ભુંડાઇથી, તે ક્યાંથી મળનાર;
આક* તણાં બી વાવતાં, આંબો નથી થનાર. ૬૫

* આંકડો.

વળી એમ પણ કહ્યું છે કેઃ—

દોહરો

ઇચ્છે ભુંડું અવરનું,* તેનું ભુંડું થનાર;
અન્ય કાજ ખાડો ખણે,† તેમાં તે પડનાર. ૬૬

આ પ્રમાણે જ્યારે સાસુએ તેને મર્મનાં વચન કહ્યાં ત્યારે કંકુડી ઘણું પસ્તાવા લાગી અને મનમાં બોલી કે સાસુ સસરાને મેં દુઃખ દીધું તે સારૂ કીધું નહીં પણ હવે તો કયાં કર્મનાં ફળ ભોગવવાં પડવાનાં. આવો વિચાર મનમાં લાવી તે ઘણી દુઃખી થઈ. તેટલા માટે કહું છું કે, જે પોતાના સાસુ સસરાને દુઃખ દે છે, તે કંકુડી બીલડીની માફક દુઃખ પામે છે. ડાહીગવરીની સાસુએ જવાબ દીધો કે, એ વાત બરાબર છે. તારી બુધ્ધિ અને ગુણ જોઇને હું ઘણીજ પ્રસન્ન થઇ છું. ઈશ્વર તારૂં ભાગ્ય દિનપ્રતિદિન મોટું કરે, ને તારો પરિવાર ઘણો વધારી પુત્રપૌત્રનું સુખ તને દેખાડે. પછી ડાહીગવરી પોતાની સાસુની આજ્ઞા લઇને ઘરધંધામાં રોકાઇ. કેટલાક દિવસ વીત્યા પછી ડાહીગવરીને એક છોકરો થયો. તેનું નામ સુખલાલ પાડયું. બાળપણથીજ તે ચતુર સ્ત્રીએ તેનો સ્વભાવ સારો કરવાનો યત્ન કીધો. નિત્ય તેને સવારમાં વહેલો ઉઠાડતી. તે હંમેશાં સ્વચ્છ રહે તે વાતપર ધ્યાન આપતી. કદી પણ તેનું શરીર મેલું થવા દેતી નહીં. સવારથીજ તેનાં હાથ મ્હોં ધોઇ કપડાં પહેરાવી રાખતી, અને રમતમાં ને રમતમાં કક્કાના અક્ષર તેને બતાવ્યા કરતી. તેને આમ શિખવવા ઉપર વિશેષ ધ્યાન રાખતી. આ પ્રમાણે શિખવવાથી બાળકના મગજપર કંઇ બોજો પડતો નથી,

* બીજાનું † ખોદે.

ને મહેનત કરવી પડે છે એવું તેને લાગતું પણ નથી. દરરોજ તે તેને ન્હવાડતી અને કદી પણ મેલાં કપડાં પહેરાવતી નહીં. તે સમજતી હતી કે, મેલાં કપડાં પહેરાવવાથી બાળકના શરીરમાં વિકાર થાય છે; કેમકે શરીરની ચામડીમાંનાં છિદ્રોમાંથી જે પરસેવો નિકળ્યા કરે છે, તે તેલને લીધે બહાર નિકળતો અટકી જવાથી અનેક રોગ ઉત્પન્ન કરે છે ને તેથી બાળક ઘણું દુઃખી થાય છે. તેટલા માટે એટલું તો જરૂરનું છે કે, જે સ્ત્રી પોતાના બાળકને નીરોગી રાખવા ઇચ્છતી હોય, તેણે તેની સ્વચ્છતા અને નિર્મળતા ઉપર હમેશાં ધ્યાન આપવું. વળી ડાહીગવરી ભારે, ન પચે તેવા, પદાર્થ ખાતી નહીં, તથા જે જે વસ્તુઓ ખાવાથી ધાવણાં છોકરાં હેરાન થાય છે, તેથી દૂર રહેતી. ડાહીગવરીનો આ સુખલાલ પુત્ર, જે ખરેખર સુખરૂપજ હતો તે રડવું રીસાવું તે શું, તેનાં નામ પણ જાણતો નંહોતો. તેનું મ્હોં હંમેશાં હસતું જણાતું, અને તે આખો દહાડો આનંદી દેખાતો. કહ્યું છે કેઃ—

દોહરો

જણાય છે શુભ લક્ષણવડે, કુલ સપૂત સર્વત્ર;
ઉછરનારા છોડનાં, થાય પ્રફુલ્લિત પત્ર. ૬૭

બાળકને રડતાં રીસાતાં જોઇને તેનાં માબાપના જીવને ઘણો કલેશ થાય છે, તેટલા માટે બાળકનો સ્વભાવ તેવો થાય નહીં તેપર માતાઓએ પહેલાંથીજ લક્ષ આપવું. એક દિવસ ઉનાળામાં ડાહીગવરી પોતાના છોકરાને ખોળામાં લઇ પતિની પાસે બેશીને પંખાવડે તેને વા નાંખતી હતી. અચાનક તેની જેઠાણી ત્યાં થઇને ગઇ. બંનેની આંખો સામસામી મળતાં

ડાહીગવરી શરમાઇને પોતાના ધણી પાસેથી ઉઠી અને જ્યાં ઘરનાં બીજાં બૈરાં બેઠાં હતાં ત્યાં ગઇ. તેને જોઇને તેની જેઠાણી હસીને બોલી કે, કેમ ઉઠી આવ્યાં ? જાઓ જાઓ, તમારા સ્વામીનાથને વા નાંખી પ્રેમની જાળમાં તેને ફસાવો. ડાહીગવરી જરા ચીડવાઇને બોલી કે, ભાભીજી, એમ કેમ બોલો છો ? જે સ્ત્રી પોતાના પતિ માટે પ્રેમ નથી બતાવતી, તે દુર્ગન્ધા બગલીની માફક લજવાઇ મરે છે. જેઠાણીએ પૂછ્યું કે, એ શી રીતે ? તેણે જવાબ આપ્યો કે, તમે તો સઘળું જાણો છો, પણ આપણાં નણન્દ દેરાણી વગેરેને સંભળાવવાને તે વાત કહું છું.

મદનસાગરના તીર ઉપર એક દુર્ગન્ધા નામની બગલી રહેતી હતી. તે પોતાના રૂપ અને જુવાનીના તોરમાં પતિની સેવા કરવા તરફ મન રાખતી નહોતી. એક દિવસ તે ઉડતી ઉડતી કર્પૂર સરોવરની પાળ આગળ જઇ પહોંચી. ત્યાં એક પતિવલ્લભા નામની હંસીને જોઇને તેની પાસે ગઇ. તેનો પતિ પરદેશ ગયો હતો, તેથી તે હંસી ઉદાસ થઇને ત્યાં બેઠી હતી. બગલીએ પૂછ્યું કે, હે બહેન, તું ઉદાસ કેમ દેખાય છે ? હંસીએ કહ્યું કે, મારા પ્રાણપતિ આજે પોતાની બહેનને મળવા સારૂ માનસરોવર ગયા છે. તેમના વગર મને સઘળું સૂનું સૂનું લાગે છે. પારકે ઘેર કેવા સુખ દુઃખમાં તેમનો આજનો દહાડો ગયો હશે, અને તેમને ખાવાપીવાનું કેવું મળ્યું હશે, એ હું જાણી શકતી નથી. આ બધી વાતોના વિચાર મારા મનમાં એક પછી એક આવ્યા કરે છે. મારૂં મન તેમાંથી ખસતું નથી, ને ઘણું વ્યાકુળ થઇ રહ્યું છે. બગલીએ કહ્યું, શું હંસને તું એટલી બધી વહાલી છે ? શું તારાપર તે એટલું બધું હેત રાખે છે કે.

તેના વગર તું આટલી બધી વ્યાકુળ થઈ ગઇ છે ? હંસી બોલી, અરે મૂર્ખી, તું એ શું બોલે છે ? સ્ત્રી ઉપર પતિ પ્રેમ રાખે કે ન રાખે, પણ સ્ત્રીનો તો ધર્મજ છે કે, તેણે પતિના ઉપર તનમનથી ભાવ રાખવો. મને લાગે છે કે સ્ત્રી ધર્મનો કોઇપણ ગ્રંથ તેં વાંચ્યો નથી, તેમ તે સંબંધી કંઈ સાંભળ્યું નથી, તેથીજ તારી આવી બુદ્ધિ જણાય છે. નીતિનું વચન છે કે-જે સ્ત્રીને પોતાના પતિએ કઠોર વચન કહ્યાં હોય, અથવા જેનાપર તેણે ગુસ્સો કર્યો હોય, તે સ્ત્રીએ પણ પોતાના સ્વામી તરફ પ્રસન્ન મુખથી જોવું જોઇએ, ને તેવી સ્ત્રા ખરેખર ધર્મની અધિકારીણી થાય છે. વળી પતિ ગમે તેવો હોય, નગરમાં રહેતો હોય કે વનમાં રહેતો હોય, પાપી હોય કે ધર્માત્મા હોય, પણ જે સ્ત્રી તેનાપર પ્યાર રાખે છે, તેનાં સંસારમાં હંમેશાં વખાણ થાય છે; તે આ લોકમાં પરમ સુખ પામે છે. સ્ત્રીનાં સઘળાં આભૂષણોમાં ખરેખરૂં આભૂષણ તો તેનો પતિજ છે. સ્ત્રી ગમે તેવી રૂપનો ભંડાર હોય, તોપણ પતિ વગર તે રૂપવાન ગણાતી નથી. વળી એવું કહ્યું છે કે, જે સ્ત્રી ઘરકામમાં ચતુર હોય છે, પુત્રવાળી હોય છે, પતિવ્રતા હોય છે, તથા જેને પોતાનો પતિ પ્રાણસમાન વહાલો છે તેનેજ ભાર્યાનું નામ શોભે છે; અને જે સ્ત્રીથી પોતાનો પતિ સંતોષ પામતો નથી, તે ભાર્યા કહેવાતી નથી. પતિ સંતોષ પામે તો સઘળા દેવતા પણ સંતોષ પામે છે. અત્રિ મુનિની સ્ત્રી અનસૂયાએ સીતાજીને સ્ત્રી ધર્મના સંબંધમાં જે કંઇ કહ્યું છે, તે સ્ત્રીમાત્રએ અભ્યાસ કરવા યોગ્ય છે. દુર્ગન્ધાએ પૂછયું, અનસૂયાએ સ્ત્રીના ધર્મ કયા કહ્યા છે ? ત્યારે પતિવલ્લભા હંસી બોલીઃ—

શ્રીરામચંદ્રજી વનવાસ માટે નિકળ્યા હતા, ત્યારે તેઓ એક વખત અત્રિ ઋષિને આશ્રમે પધાર્યા હતા. ત્યાં આગળ રામના કેહેવાથી સીતાજી અત્રિ ઋષિની સ્ત્રી અનસૂયા પાસે ગયાં અને તેને પ્રણામ કરી ક્ષેમકુશળના સમાચાર પૂછ્યા. પછી મોટા ભાગ્યવાળી અનસૂયાએ સીતાજીને કહ્યું કે, હે સીતા, 'હું ક્ષત્રિય કન્યા તથા રાજપુત્રી છું' માટે વનવાસ કેમ જાઉં, એવો ગર્વ છોડી દઈ પિતા દશરથે જેને વનમાં મોકલ્યા છે, એવા તારા પતિ રામની સાથે સાથે તું જાય છે, એ ઘણુ સારૂં કરે છે. નગરમાં રહેલો કે વનમાં રહેલો, પોતાને અનુકૂળ અથવા પ્રતિકૂળ, સારો કે નરસો, અતિ દુષ્ટ સ્વભાવવાળો, નિર્ધન અથવા રોગી હોય, તોપણ જે સ્ત્રીને પોતાનો પતિ પ્રિય હોય, તે સ્ત્રી આ લોકમાં પરમ સુખ ભોગવે છે; કેમકે સારા સ્વભાવવાળી સ્ત્રીઓનું પરમ દૈવત પતિજ છે. હે વિદેહ રાજાની પુત્રી! સ્ત્રીએ અખંડ તપ કરવાની પેઠે, આ લોક તથા પરલોકને વિષે ધારેલું ફળ મેળવવાનેવાસ્તે ભજવા યોગ્ય પતિજ છે; કારણ મને વિચાર કરતાં જણાય છે કે, તેમનો હિત કરનાર માત્ર પતિ છે. તેના શિવાય બીજા કોઇને હું અધિક જોતી નથી. હે સીતા! નહીં કરવા યોગ્ય કામ કરનારી જે દુષ્ટ સ્ત્રીઓ હોય છે, તે અપજશ પામી તથા ધર્મથી ભ્રષ્ટ થઇ અંતે ઘણું ઘણું દુઃખ ભોગવે છે; તારા સરખી વિવેકી તથા ધર્મ જાણનારી જે સ્ત્રીઓ હોય છે, તે પુણ્ય કરનારની પેઠે આ લોકમાં જશ મેળવી અંતે સુખ ભોગવે છે. માટે તું રામની સાથે રહે અને પતિવ્રતાના ધર્મ પાળનારી, પતિજ છે દૈવત જેનું એવી આચાર પાળનારી અને ધણીની સાથે ધર્માચરણ કરનારી થા; તેથી કીર્તિ ને ધન પામીશ.

આવાં અનસૂયાનાં વચન સાંભળી તેમને સીતાજીએ કહ્યું કે, તમે મને શિખામણ આપો છો, એ આર્ય જેવા તમારા મુખમાંથી સાંભળી આશ્ચર્ય પામવાનું નથી. સ્રીઓનો ગુરૂ પતિજ છે, એમ તમે મને જે બોધ આપ્યો. તે મારા મનમાં બરાબર ઠસ્યો છે. પોતાનો પતિ વખાણવા લાયક ચરિત્ર વગરનો હોય તથા પેટ ભરવા જેટલા પૈસા કમાતો નહોય તોપણ સ્રીએ પોતાના સ્ત્રીપુરૂષ રૂપ જોડામાં તૂટ ન પડે, તેવી રીતે પ્રીતિ રાખીને તેના તરફ વર્તવું જોઇએ. એમ છે તો ઉત્તમ ગુણને લીધે વખાણવા લાયક, દયાળુ, મનને અંકુશમાં રાખનાર. સ્થિર, હેત રાખનાર તથા ધર્માત્મા એવા પતિ તરફ પહેલાં કહ્યું તે મુજબ સ્ત્રીએ વર્તવું, એમાં શું આશ્ચર્ય? આ પ્રમાણે કહી અનસૂયાને નમન કરી સીતાજી પોતાના સ્વામી શ્રી રામચંદ્રજી સાથે તેમની આજ્ઞા લઇ ત્યાંથી વિદાય થયાં.

એમ કહીને હંસી બોલી, તેટલા માટે મારા પ્રાણપતિને જોઇનેજ હું જીવી શકું છું. આ વાત સાંભળીને દુર્ગન્ધા બગલી પોતાના મનમાં ઘણી શરમાઈ ગઇ, અને પતિવલ્લભા હંસીનાં ઘણાં વખાણ કરી પોતાને સરોવર ચાલી ગઈ. ત્યાં પહોંચ્યા પછી પોતાના રૂપ અને જુવાનીનો તોર તજી, પતિની સેવા તનમનથી કરવા લાગી.

ભાભીજી, એટલા સારૂ કહું છું કે, જે સ્ત્રી પોતાના સ્વામીની સેવા હેતભાવથી નહીં કરશે, તે દુર્ગન્ધા બગલીની માફક માનભંગ પામશે.

આ બધી વાત સાંભળીને સાસુ, નણન્દ, જેઠાણી. દેરાણી વગેરેએ ડાહીગવરીનાં ઘણાં વખાણ કર્યાં, ને તેને

આશીર્વાદ દીધો કે, તારા પતિનો પ્યાર તારાપર અખંડ રહો અને દિન દિન તમારા બેમાં ચંદ્રચકોરની માફક પ્રીતિ વધતી જાઓ.

આટલી કથા રત્નગવરીને કહીને ચંદ્રશંકર પાઠક બોલ્યા કે, જે સ્ત્રી પોતાના સાસરામાં ડાહીગવરીની માફક વર્તશે, તે બંને કુળને શોભા આપશે, અને માબાપની તથા સાસુ સસરાની કીર્તિ વધારશે તથા આ લોક અને પરલોકમાં હમેશાં ઉંચું સુખ ભોગવશે.

ત્રીજો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૪ થો

વૃદ્ધાવસ્થાનો પ્રારંભ

ધરમદાસ શેઠે સુલક્ષણાને કહ્યું કે યુવાવસ્થાની કથા સાંભળીને મારૂં મન ઘણું પ્રસન્ન થયું છે. હવે વૃદ્ધાવસ્થાની હકીકત સાંભળવાની મારી ઇચ્છા છે. સુલક્ષણા બોલી, સ્વામીનાથ, ચંદ્રશંકર પાઠક રત્નગવરીને જ્યારે યુવાવસ્થા શિખવી ચૂકયા, ત્યારે તેને કહ્યું કે, વહાલી પુત્રી, હવે વૃધ્ધાવસ્થાની કથા શિખવાનો આરંભ કરો કે જેનું પહેલું વાકય આ છેઃ—

દોહરા

વૃદ્ધાવસ્થા પામીને, લહે ન મન સંતોષ;
જીવથી જોડાઈ રહે, લોભ મોહ ને રોષ. ૧૮
ચકિત થાય વિદ્વાનથી, સદ્‌ગુણ દેખી વિશેષ;
કામાદિક રિપુ * જીતતાં, હોય સ્તુતિ હમેશ. ૧૯

ચંદ્રશંકર બોલ્યા કે, ભાવનગરમાં શિવશંકર નામના એક પણ્ડિત રહેતા હતા. તેની સત્યગવરી નામની સ્ત્રી ઘણી ગુણવાન, બુધ્ધિમાન, દયાળુ, ધર્મ સમજનારી ને તે પર ભાવ રાખનારી હતી. ગૃહસ્થાઈના ધર્મથી તે સારી રીતે વાકેફગાર હતી, ને પોતાના ઘરમાં તે બધાને માથે હતી. દૂધ ઘી વગેરે સર્વ ચીજ તેને ત્યાં જોઇએ તેટલી હતી, તોપણ વિદ્યા અને ધનનો સંચય કરવાનો તે હંમેશાં યત્ન કરતી. કહ્યું છે કે, બુદ્ધિમાન પુરૂષ જરૂર પોતાને અજર‡ તથા અમર સમજીને વિદ્યા અને ધનનો

* છ શત્રુ—કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર.

‡ જેને જરા—વૃદ્ધપણનાં ચિહ્ન નહીં તે.

સંચય કરવો, અને મોતે આવી આજેજ ગળું ઝાલ્યું હોય ને ધર્મનું આચરણ કરવા મંડીએ તેમ રોજ કરવું. તે બુદ્ધિમાન સ્ત્રી હમેશાં પોતાના ઘરની સંભાળ રાખતી. દરેક વસ્તુપર તે નજર રાખ્યા કરતી. જે ચીજ વપરાતાં વપરાતાં થોડી રહેતી, તે પહેલાંથીજ વગે પડતી મંગાવી રાખવાની પેરવી કરતી: આમ કરવાથી પાડાપડોસીને ત્યાંથી માગી લાવવાની કે લગનના ઢોલીની માફક મોઘું સોઘું જેવું મળે તેવું મંગાવવાની જરૂર પડતી નહીં. જે રૂપિયા પૈસા ઘરના ખરચ માટે ઉપડતા તેનો હિસાબ રાખતી. ઘરકારભારનો સઘળો બોજો પોતે ઉપાડતી. કદીપણ પોતાના પતિ કે પુત્રને ઘરની ખટપટમાં નાંખી તેમને રોકતી નહીં. શિવશંકર પોતે પુત્ર સાથે એક ચિત્તથી પોતાના કામધંધામાં મચ્યા રહેતા, ને કદી પણ ઘરના કામકાજની ચિંતા તેમને રહેતી નહોતી. સત્યગવરી એટલી કાળજી રાખીને ખરચ કરતી કે, એક દમડી પણ નકામી જવા દેતી નહીં. હાથ રાખીને ખરચ કરનારા માણસ હંમેશાં સુખી રહે છે. કહ્યું છે કે, જે માણસ એક દમડી શા હિસાબમાં છે એવું ગણે છે, તે આખરે દ્રરિદ્ર થાય છે, અને એક ક્ષણ તે કંઇ ઉપયોગનો વખત નથી એવું જે ગણે છે, તે મૂર્ખ રહે છે. કવિનું વચન છે કે:—

દોહરો

કોડી કોડી જોડતાં, ધની* થાય ધનવાન;
અક્ષર અક્ષર શિખતાં, જ્ઞાની થાય વિદ્વાન. ૭૦

હદમાં રહી કમી ખરચ કરનારા દરિદ્રતાને જિતી લે છે. અને હદ બહાર જઈ ખરચ કરનારા નક્કી દરિદ્રતાના ફાંસામાં

* ઘણોજ દ્રવ્યવાન.

ફસી પડે છે. નેટલા માટે માણસે હંમેશાં હદમાં રહીને ઘરનો ખરચ કરવો યોગ્ય છે. સત્યગવરીને ઘેર જે ચીજ આવતી, તેને એવી રીતે તે વહેંચી આપતી કે, નાનાં મોટાં દરેકને તે પહોંચી રહે. વરસાદના દિવસમાં ઘરના દરેક ભાગની રોજ દેખરેખ રાખતી, ને કદાપિ કોઇ ભાગ પડી જવા જેવો માલમ પડતો અથવા કોઇ ભાગમાં પાણી ગળતું તો તે તરત સમું કરાવતી. વળી ઘરનાં કિમતી કપડાં, કાગળપત્ર વગેરે વસ્તુઓને વખતોવખત તડકો ખવડાવતી. ચોમાસામાં અને શિયાળામાં જે વસ્તુની તેને જરૂર લાગતી તે પહેલાંથી ખરીદ કરી રાખતી, અને જે વસ્તુ જે ઋતુમાં થતી તે વસ્તુઓ તે ઋતુમાં પોતાની જરૂર અને ગુંજાસ પ્રમાણે ખરીદ કરી ભરી મૂકતી; કેમકે મોસમ ગયા પછી તેવી વસ્તુઓ મોંઘી થાય છે. પોતાનાં ઘરનાં સઘળાં માણસોને વહેલા ઉઠવાની ટેવ પાડતી, અને સઘળાં સ્વચ્છ તથા ચોખ્ખાં રહે, તે માટે પૂરતી કાળજી રાખતી. તેના ધાકથી વહુઆરુ પોતાનાં બાળકને મેલાં રાખી શકતી નહીં, ને મેલાં લુગડાં પહેરાવી શકતી નહીં. સત્યગવરી ઘણું ખરૂં પોતે નાનાં છોકરાંઓની ખાવાની તજવીજ રાખતી, અને કક્કાના અક્ષર તથા આંક શિખવ્યા કરતી. સઘળી વહુઓને પોતાના કહ્યામાં રાખતી અને તેમને ઘરધંધો બતાવતી, તથા તેઓ પોતપોતાનાં બાળકને સારી શિખામણ આપે તેવો બોધ કર્યા કરતી. ઘરનાં સઘળાં માણસપર એક સરખું હેત રાખતી, ને કપડાં ઘરેણાં સઘળાંને બરોબર કરાવતી. માંહોમાંહે કોઇને તે લડવા દેતી નહીં. સત્યગવરી ઘરમાં જે ગાય, ઘોડા વગેરે જાનવર પાળતી, તેમને ખાવાપીવાંની પૂરતી જોગવાઇ કરતી; કદી પણ તેવાં જનાવરને તે દુઃખી રાખતી નહીં. પોતાના ચાકર

નફરને તે કહેતી કે, એ બચારાં અવાચક પશુ છે, તેને ભુખ્યાં તરસ્યાં રાખવાં જોઇએ નહીં; જે એને નકામું દુઃખ દે છે, તે ઇશ્વરના ઘરનો ચોર થાય છે. ઘરના નોકરોપર ધાક રાખતી, તેની સાથે તેમનાપર દયા પણ રાખતી. તેની વહુઓમાં એક મિથ્યાભાષિણી નામની હતી. તે પોતાના બાળકને જૂઠું બોલી બોલીને ડરાવ્યા કરતી હતી ને તેમને કેટલીક વાર ખોટાં લાડ લડાવતી. આ વાતની સત્યગવરીને ખબર પડતાં તેણે તેને કહ્યું કે, વહુ, જૂઠું બોલવું એ ઘણું ખોટું છે. આપણા અણુસમજુ અને નિર્દોષ બાળક આગળ જૂઠું ન બોલ્યા કરો, કેમકે જ્યારે તે બાળક એમ જાણશે કે, અમારી મા અમને જૂઠું બોલીને ડરાવ્યા કરે છે ને સતાવે છે તો મોટાં થયાં પછી એમનો સ્વભાવ પણ જૂઠું બોલવાનો થશે, ને એવી ટેવ પડે એ ઘણું નડારૂં છે. કોઈ કવિનું વચન છે કેઃ—

દોહરો

જૂઠું કદી ન બોલવું, જૂઠ પાપનું મૂળ;
જૂઠાના ભરોસાતણી, કરે ન કોઇ ભૂલ. ૭૧

જે આ વાતપર ધ્યાન નથી આપતાં, તે ભરવાડના છોકરાની માફક આખરે પસ્તાય છે. વહુએ પૂછ્યું કે, એ શી રીતે? સત્યગવરીએ કહ્યું કે, સાંભળો તે વાત.

એક ભરવાડનો છોકરો રોજ ઘેટાં ચરાવવાને માટે જંગલમાં જતો હતો. તે જૂઠી જૂઠી બૂમ પાડતો કે ધાજો રે ધાજો; વાઘ આવીને આ ઘેટાંને લઇ જાય છે. આવી એની બૂમ સાંભળીને ગામના લોક ત્યાં દોડી આવતા ત્યારે તે હસી પડતો, ને લોકો બચારા ખસિયાણા પડીને પાછા જતા. આ પ્રમાણે બે ચાર વાર થયું, ત્યારે લોકો સમજી ગયા કે, એ છોકરાને જૂઠું

બોલવાની ટેવ પડી છે. એક દિવસ એવું બન્યું કે, ખરેખરજ વાઘ આવ્યો, અને એક ઘેટાને લઇને તે ચાલવા માંડયો; ત્યારે તે છોકરાએ બહુએ બૂમ પાડી શોરબકોર કરી મૂકયો, પણ તેની બૂમ ખોટી છે, એવું સમજીને ગામનું કોઇ પણ માણસ બહાર નિકળ્યું નહીં; તેથી વાઘ ઘેટાને લઇ ગયો ને તે છોકરો મનમાં પસ્તાવો કરવા લાગ્યો. કહ્યું છે કેઃ—

દોહરો

જૂઠા બોલા જનતણું, કદી ન માને કોય;
નિજ દુઃખ* બોલે ભાંડ પણ, જન મન જૂઠું હોય. ૭૨

તેટલા માટે હું કહું છું કે બાળકને જૂઠું બોલતાં શિખવવું સારૂં નથી. સત્યગવરીનું જેવું નામ હતું તેવાજ તેનામાં ગુણ હતા. એક દિવસ તેના છોકરાનો છોકરો રસ્તામાં રમતો હતો. તેવામાં એક રેશમી કોરનો ધોતીજોટો રસ્તામાં પડેલો તેના જોવામાં આવ્યો. આસપાસ કોઇને ન જોયાથી દોડીને તે જોટો તેણે ઉઠાવી લીધો, અને ઘરમાં લઇ જઈ પોતાની દાદીમા સત્યગવરીને આપ્યો. સત્યગવરીએ તે જોઇ છોકરાને પૂછયું કે, એ તું કયાંથી લાવ્યો. તે છોકરો બોલ્યો કે, મા, હું બહાર રમતો હતો, તે વખતે રસ્તામાં મારા જોવામાં આવ્યો; ત્યાં કોનો પડી ગયો, તે હું જાણતો નથી. એનો કોઇ ધણી થયલો જણાયો નહીં; તેથી હું ઉઠાવી લાવ્યો છું. સત્યગવરીએ કહ્યું, અરે મૂર્ખા, દોડ, જા એને ચોકીમાં આપી આવ; કેમકે એનો માલીક હમણાં એ ધોતીજોટો શોધતો હશે, તો તને ચોર ઠેરવી ચોકીમાં પકડાવી દેશે, અને ચોકીવાળો તને ભારે શિક્ષા કરશે;

* પોતાનું ખરૂં દુઃખ.

તેટલા માટે જલદીથી જઇને તે ચોકીમાં પહોંચાડી આવ, અને હવે પછી એવી રીતે રસ્તામાં પડેલી કોઈની પણ જણસ તારે ઉઠાવી લાવવી નહીં; તારો આવો સ્વભાવ મને સમૂળગો ગમતો નથી. પારકી વસ્તુ લેવી, એ હંમેશાં હલકું ને નીચ કામ સમજવું જોઈએ; કેમકે વિદ્વાનોનું વચન છે કે, જે પારકાની જણસ ધુળના ઢગલા જેવી ગણે છે, ને જે સઘળા જીવોને પોતાના સરખા ગણે છે, તે માણસ મહાપુરૂષ કહેવાય. આ વાત સાંભળી તે છોકરો પોતાના મનમાં ઘણો ગભરાયો ને ઝટપટ દોડીને તે ધોતીજોટો ચોકીમાં આપી આવ્યો તથા કાન પકડીને પોતાની દાદીમા આગળ બોલ્યો કે, હુવેથી કોઈની પડેલી વસ્તુ કદી પણ ઉપાડીશ નહીં: એમ કહીને પાછો રમવાને ગયો.

એક દિવસ સત્યગવરી જમીને ઉઠી ત્યારે એક કુતરો રોટલાના કકડાની લાલચથી આંગણામાં બેશી રહ્યો હતો. સત્ય ગવરીના છોકરાની છોકરી, જે આ વખતે આંગણામાં રમતી હતી, તેણે આ કુતરાને જોઇને તેના માથા ઉપર એક લાકડી એટલા જોરથી મારી કે, બૂમ પાડતો પાડતો તે ત્યાંથી નાઠો. આ જોઈને સત્યગવરી બોલી કે, હે દુષ્ટ છોકરી, તેં આ શું કીધું! આ બીચારા બેશી રહેલા કુતરાને તેં શું કામ માર્યો? તે બીચારો કકડા રોટલાની આશાએ અહીં બેશી રહ્યા હતો, તે તને શું નડતો હતો. આ સાંભળી તે છોકરી પોતાના મનમાં ઘણી શરમાઇ ગઈ અને બોલી કે, દાદીમા મારો આટલો અપરાધ માફ કરો. સત્યગવરી બોલી કે, બેટા, કોઇપણ જીવને નકામું દુ:ખ દેવું સારૂં નથી. તેનો જીવ પણ તારા જીવ જેવોજ છે. સજ્જનો સઘળા જીવને પોતાના જેવાજ ગણે છે.

સત્યગવરી કોઈ પણ વખત કોઈને દુઃખ પામવા દેતી નહીં. સઘળા ઉપર સરખો દયાભાવ રાખતી. તુળસીદાસ કવિનું વચન છે કે:—

દયા ધરમકા મૂલ હૈ, પાપ મૂલ અભિમાન;
તુલસી દયા ન છાંડિયે, જબલગ ઘટમેં પ્રાન.* ૭૩

કોઇ આંધળો લૂલો તેને બારણે આવતો તો તેને કદી પણ ખાલી હાથે તે પાછો જવા દેતી નહીં; પોતાના ગજા પ્રમાણે તેને મુઠી દાણા કે પૈ પૈસો આપી વિદાય કરતી. કહ્યું છે કે:—

દોહરો

દાન દીનને દેવું જે, બને ન ભૂખનો ભાગ;
ઔષધ તેને આપિએ, જેને અંગે રોગ. ૭૪

જે ખરેખરો ગરીબ ભીખારી બારણેથી નિરાશ થઇ પાછો ફરે છે, તે પોતાનું પાપ મૂકીને પુણ્ય લઈ જાય છે.

સત્યગવરી ઘરની અંદર ચોખ્ખાઇ ને સાફસુફ રાખવામાં પણ ઘણું ધ્યાન આપતી હતી. ઘરના બધા ભાગમાં લિપાવી ગુંપાવી સારી સ્વચ્છતા રાખતી. કદાપિ જો ઉંદર નોળિયા વગેરે ઘરમાં દર પાડતાં કે ખાડા ખોદતાં તો તે તરત પૂરાવી દેતી; કેમકે તેવાં બાકાંમાં સાપ વગેરે ઝેરી જીવજંતુઓ ભરાઇ રહેવાની ધાસ્તી રહે છે. કોઇ છોકરાં છૈયાંને ભીંતપર લખવા ન દેતી, કે તેનાપર કોયલા વગેરેના લિસોટા કરવા ન દેતી; તેમ કોઇને ગમે તે જગ્યાએ પાણીબાણી ઢોળી કાદવ કરવા દેતી નહીં. જે છોકરાઓ બોર, તડબુચ, શેરડી અથવા કેરી જેવા પદાર્થો

---

* દયા ધર્મનું મૂળ છે, પાપ મૂળ અભિમાન;
તુલસી દયા ન છોડવી, જ્યાં લગી ઘટમાં પ્રાણ.

ખાતાં, તેમને ઘરની અંદર ગમે ત્યાં તેના ઠળિયા, કુચા, છોતરાં કે ગોટલાં નાંખવા દેતી નહીં; એક જગ્યાએ બેસાડીને તેમને ખવડાવતી અને તેના છોતરાં, ઠળિયા, કુચા વગેરે એકઠા કરાવતી અને જ્યારે તેઓ ખાઈ રહેતાં ત્યારે સઘળું તેમની પાસે ઉપડાવી, કચરો એકઠો કરવા માટે રાખેલા કુંડામાં ફેંકાવી દેતી, અને છોકરાંઓના હાથ મ્હોં ધોવડાવતી. ઘરમાં ચોખ્ખું ન રાખવાથી ગંધ મારે છે, અને ઘરની દુર્ગંધ શ્વાસ લેવાની સાથે માણસના શરીરની અંદર જાય છે, તેથી અનેક રોગ ઉત્પન્ન થાય છે, અને તે ઘરનાં માણસ ઘણી પીડા પામે છે. તેટલા માટે ઘરની અંદર, તેમ ઘરની આસપાસ, સારા માણસોએ કદી પણ ગંદવાડો રાખવા દેવો નહીં. જે ઘરમાં આ બાબત ઉપર ધ્યાન અપાતું નથી, તે ઘરનાં માણસો કંઇ નહીં તો કંઈ રોગથી હેરાન થયા કરે છે, ને ઘરમાંથી રોગ નીકળતોજ નથી. વળી દુઃખ પડવાથી તે કંઇ ઉદ્યમ કરી શકતાં નથી, તેથી રૂપિયા ઉછીતા લેવાથી અથવા જોઈતી વસ્તુઓ ઉધાર લેવાથી મન્દવાડમાંથી ઉઠે છે ત્યારે કંગાલ સ્થિતિમાં આવી પડેલા માલમ પડે છે; તેથી એવી દરિદ્રતાનું આ કારણ દરેક માણસે ધ્યાનમાં રાખી તેથી દૂર રહેવું જોઇએ. સત્યગવરી નાનાં છોકરાંવાળી વહુઓને રોગિષ્ઠ પદાર્થ કદી ખાવા દેતી નહીં, અને શરદી તેમ ગરમી ન થાય તેવા પ્રકારનાં કામ તેમને સોંપી તેમની તબીએત સમાલતી હતી; કેમકે ધાવણાં છોકરાંની મા રોગિષ્ઠ ખોરાક વગેરે ખાય તો તેમના દૂધમાં વિકાર થાય છે. ને તેથી બાળક હેરાનગતિ ભોગવે છે. આટલી ચોકસાઈ રાખવા છતાં જો કોઇ બાળક દૈવયોગથી માંદું પડતું તો પોતે અથવા હોશીયાર વૈદ્ય કે ડાકટરનું ઓસડવેસડ કરતી. સ્ત્રીઓની માફક

ધુતારાઓનાં માદળિયાં કે ટુચકાં ઉપર કદી વિશ્વાસ રાખતી નહીં, ને વહુઓનો તેવો વહેમી સ્વભાવ થવા દેતી નહીં. એ બાબતનો તે હંમેશાં ઉપદેશ કરતી.

વળી જે સ્ત્રીઓનાં શીલ ગુણ વગેરે તેના જાણવામાં આવેલાં ન હોય, તેવી સ્ત્રીઓને તે પોતાને ઘેર આવવા દેતી નહીં, અને પોતાની વહુને તેવી અજાણી સ્ત્રીઓની સોબતમાં બેસવા દેતી નહીં; કેમકે નઠારી સ્ત્રીઓ પારકાની વહુ બેટી-ઓને નઠારાં લક્ષણ શિખવે છે અને આખો દહાડો પારકે ઘેર ભટકયા કરે છે. આવી નઠારી સ્ત્રીઓના સંગને લીધે મોટા ઘરની સ્ત્રીઓમાં ઘણું કરીને દુષ્ટ સ્વભાવ પેશી જાય છે; પોતાને ઘેર જે ચીજ સોળ શેરની પડી હોય, તે વીસ શેર લેખે આપી દે છે, અને બારોબાર રૂપિયા વ્યાજે આપી આખરે તે ખોઈ બેસે છે. જુઓ એ કેવી મૂર્ખાઇની વાત છે કે, પોતાના ધણી વગેરેથી છાની રીતે પૈસા એકઠા કરવાની લાહ્યમાં પોતાના ઘરનું પોતેજ સત્યાનાશ વાળે છે. સ્ત્રીઓના આવા નઠારા સ્વભાવથી હંમેશાં ડરતાં રહેવું જોઇએ. સત્યગવરી આવી બાબતો ઉપર ઘણી ચોકસી રાખતી હતી, અને પોતાના ઘરની સ્ત્રીઓને દાખલા આપી આપી, સારી નઠારી બાબતોની તેમને સમજ પાડતી. દરેક રીતે ઉત્તમ પ્રકારનો ઉપદેશ કરી હરેક વાતમાં પોતાની બુદ્ધિનું બળ દેખાડી આપતી. શિવશંકર પણ્ડિત પોતાની સ્ત્રીની આવી પ્રવીણતા જોઈ આનંદ પામતો, અને વારંવાર પોતાના સારા ભાગ્ય માટે પરમેશ્વરનો ઉપકાર માનતો. એક દિવસ ઉનાળામાં સત્યગવરી પોતાના પલંગપર સૂતી હતી, અને તેની ચારે વહુઓ તેની પાસે બેશી ડાહી ડાહી વાતો કરતી

હતી. એવે સમયે ઘણા મધુર વચનથી એક વહુ બોલી કે સાસુજી પતિવ્રતા સ્ત્રી કોને કહેવી, અને પતિવ્રતા થવાની રીત કઈ છે, તે મને કૃપા કરી સમજાવો. સત્યગવરી બોલી કે, આ ગુણ તો વિદ્યા ભણવાથી એમનો એમ આવે છે, કોઇની પાસેથી શિખવવાની જરૂર પડતી નથી, અને જે શિખીને પતિવ્રતા બનવા જાય છે, તે દુઃખ પામે છે.

એક દિવસ સત્યગવરીનો જમાઇ પોતાના સાળાને છોકરો થયો, એવી ખબર સાંભળીને એને ત્યાં આવ્યો. તેના આવવાથી સઘળાં પ્રસન્ન થયાં. પોતાના નણદોઇ જાણીને સઘળી વહુઓએ તેનો જોઇતો આદરસત્કાર કીધો અને ઘણા પ્રેમભાવથી તથા મધુર વચનથી તેની સાથે તેઓ મશ્કરીઠઠ્ઠા કરવા લાગી. આ વાત સત્યગવરીએ જાણી ત્યારે તેણે પોતાના મન સાથે વિચાર કીધો કે વહુઓ તો પ્રેમભાવમાં વિવેક ભૂલી ગઇ જણાય છે, તેથી મર્યાદાની બહાર જઇને તેઓ વાતચિત કરે છે; પરપુરૂષ સાથે સ્ત્રીઓએ આવી રીતે મશ્કરીઠઠ્ઠા કરવા ઘટારત નથી. એવો વિચાર કરીને સઘળી વહુઓને બોલાવી પાસે બેસાડી તેણે કહ્યું કે, તમારે બધાંને આનંદ થાય તેવી શિખામણની વાત કહું છું, તે તમારે બધાંએ ખૂબ ધ્યાન રાખી સાંભળવી. જે સ્ત્રી પરપુરૂષ સાથે મશ્કરીઠઠ્ઠા ઘણા કરે છે, તે હસમુખી મેનાની માફક દુઃખ પામે છે. વહુઓએ પૂછ્યું કે, એ શી રીતે? સત્યગવરી બોલી કે, મલયાગિરિ પર્વત ઉપર એક સમડીનું ઝાડ હતું; તેમાં પોપટ અને પોપટીનુ એક જોડું રહેતું હતું. તે ઝાડની પાસે એક બીજું ઝાડ હતુ. તેની ઉપર હસમુખી મેના પોતાના નર સહિત રહેતી હતી. એનો નર જ્યારે કંઇ બહાર જતો, ત્યારે તે હસમુખી મેના સમડીના ઝાડપર જઇ

બેસતી ને નિખાલસ મનથી પોપટની સાથે ઘણા મશ્કરીઠઠ્ઠા કરતી. એક દિવસ પોપટી બોલી કે, હે બહેન, પરપુરૂષની પાસે બેશી મશ્કરીઠઠ્ઠાની વાતો કરવી, તે સ્ત્રીને છાજતું નથી. નીતિ જાણનાર પુરૂષનું વચન છે કે, પતિ હાજર ન હોય ત્યારે આમ તેમ ભટકવું અને સ્વચ્છંદે વર્તવું, એ સ્ત્રીઓમાં દૂષણ ગણાય છે. એટલા માટે પોપટની સાથે મશ્કરીઠઠ્ઠા કરવા, એ તને લાયક નથી. મેનાએ આ હિતનાં વચન ઉપર ધ્યાન આપ્યું નહીં. એક દિવસ એ મેનાના નરે પોપટની સાથે વાતચિત કરતી તેને જોઇ, તે ઉપરથી પોતાના મનમાં ગુસ્સો આવવાથી હસમુખી મેના સાથે હેતભાવથી વાતચિત કરવાનું છોડી દીધું. પોતાના પતિને પોતાથી નારાજ થયલો જાણી મેના ઘણું વિમાસણ કરવા લાગી ને ઘણી દિલગીર થઇ. તેના ગુસ્સાનું કારણ જાણવાથી પાતે નિર્દોષ છે, એવું અનેક પ્રકારે સમજાવવા માંડયું. પણ તેનું મન માન્યું નહીં. પછી ઘણી ઘણી મહેનતે તેણે પોતાના પતિની ખાતરી કરી રાજી કીધો. તેટલા માટે કહું છું કે, પરપુરૂષ સાથે મર્યાદા છોડી દઈ મજાક મશ્કરીની વાતો કરવી, એ સારૂં નહીં. કોઇ કવિનુ વચન છે કેઃ—

દોહરો

ભલું ન અતિશય વરસવું, અતિશય ભલી ન ધૂપ.
અતિશય ભલું ન બોલવું. અતિશય ભલી ન ચૂપ. ૭૫

આ વાત સાંભળીને વહુઓ સમજી ગઇ ને ત્યાર પછી પોતાના નણદોઇ સાથે મજાક મશ્કરીની વાતો કરવી મૂકી દીધી.

રત્નગવરીને આ કથા સંભળાવીને તથા બરોબર સમજાવીને ચંદ્રશંકર પાઠક બોલ્યા કે, જે સ્ત્રી ઘડપણમાં સત્યગવરીની માફક વર્તશે, તેનું હંમેશાં કલ્યાણ થશે અને યશ તથા કીર્ત્તિ વધારી સંસારમાં સુખ સંપત્તિ મેળવશે.

સુલક્ષણા શેઠાણીએ પોતાના પતિને કહ્યું કે, રત્નગવરી ત્રણે અવસ્થાની કથા સારી રીતે શિખી રહી ત્યારે વિદ્યાનો ચમત્કાર તેનામાં જણાવા લાગ્યો. પોતાનો વિનય તથા યોગ્યતા માતપિતા વગેરે સઘળાને બતાવવા લાગી. તેની માએ તેનો શાન્ત સ્વભાવ, આવી રીતે સદ્ગુણથી ભરેલો જોયો ત્યારે તેને નક્કી લાગ્યું કે, હવે આ પુત્રી પોતાને સાસરે જઈ સઘળા પ્રકારનું સુખ મેળવશે અને માબાપની આબરૂ વધારશે. ચતુર માણસની ચાલ ને રીતભાત છૂપી રહેતી નથી. કોઇ કવિનું વચન છે કેઃ-

દોહરો

શ્રવણ* નયન મુખ નાસિકા, સહુને એકજ ઠામ;
તર્ક વર્તણુક ચતુરનાં, જૂદાંજ આઠે જામ. ૭૬

ચંદ્રશંકર પોતાની પુત્રીની ચતુરાઈ તથા હોશિયારી જોઇ મનમાં ઘણો આનંદ પામ્યા, તથા ઇશ્વરનો ઘણો ઉપકાર માનવા લાગ્યા કે, હે સર્વશક્તિમાન, કરૂણાનિધાન, નિર્ગુણ, નિર્વિકારી એવા ઇશ્વર ! તમને ધન્ય છે કે, મારા જેવા અજ્ઞાનીપર દયા લાવીને મારી દીકરીને નવો જન્મ આપ્યો, અને દુઃખરૂપી સમુદ્રમાં તે ડૂબી હતી, તેનાપર કૃપાદૃષ્ટિ કરી તેમાંથી તેને કહાડી; હું તમારો ફરી ફરીને અંતઃકરણથી ઉપકાર માનું છું.

દોહરા

દીનબંધુ કરૂણાસદન,† ધન્ય ત્રિભુવન નાથ;
તમે કૃપા કરીને કરી, દીન અનાથ સનાથ. ૭૭
એવા કરૂણાર્ણેશને‡, ભજે ન મનથી જેહ;
તે નર પશુ સમાન છે, મનુષ્યનો ધરી દેહ. ૭૮
ભજ મન દીનદયાળને, તું પામે વિશ્રામ;
જેની કૃપાકટાક્ષથી +, પૂર્ણ થાય મન કામ. ૭૯

* કાન. † કરૂણાના ધામ-ભંડારઃ પરમેશ્વર. ‡ પરમેશ્વર. +કૃપાદૃષ્ટિ.

આ પ્રમાણે સંપૂર્ણ કથા સુલક્ષણા શેઠાણીને મ્હોંડે સાંભળી ધરમદાસ શેઠ ઘણા પ્રસન્ન થયા, અને પોતાની પુત્રી કળાવતીના અભ્યાસપર તનમનથી ધ્યાન આપવા લાગ્યા. કળાવતી ભણીગણી ઘણી ગુણવાન તથા હોશિયાર બની ત્યારે તેના લાયક ઘર તથા વર શોધી કાઢીને તેનાં લગ્ન કીધાં. કળાવતીએ પોતાને સાસરે જઇ પોતાનાં સાસુ સસરા વગેરે સઘળાંનાં મનને આનંદ આપ્યો, અને પોતાનાં માબાપની ઘણી આબરૂ વધારી.

જે કન્યા આ ગ્રંથ ચિત્ત લગાડીને વાંચશે, તે પણ કળાવતી વગેરેની પેઠે વખાણને પાત્ર થશે અને સાસરામાં એક શણગારરૂપ થઇને બન્ને કુળની શોભા અને પ્રતિષ્ઠા વધારશે, તથા આ લોક અને પરલોકમાં હંમેશાં અનેક પ્રકારનાં ઊંચાં સુખ ભોગવશે.

વિનય શિલ ગુણ યોગ્યતા, સર્વ સ્થળ સન્માન;
નક્કી પામે તે સુતા,* ભણે આપી જે ધ્યાન. ૮૦
જો ઘર વર સુંદર ગુણી, જોવા ઇચ્છા હોય;
પ્રેમે શિખવો પુત્રીને, તો વિદ્યા સહુ કોય. ૮૧
જેહ સુતા આ ગ્રંથને, શિખે ધરી વિશ્વાસ;
રામલાલ તેની પ્રભુ, પૂરે મનની આશ. ૮૨
શુભ પુરાણ†ઋષિ§ વ્યોમનો+, જાન્યુઆરી માસ;
તે દિન આરંભી કર્યો, પૂરો ગ્રંથ પ્રકાશ. ૮૩

સમાપ્ત.

* છોકરી. † પુરાણ–૧૮ § ઋષિ–૭.
+ વ્યોમ–આકાશ–૧ (પુરાણ ઋષિ વ્યોમ–સને ૧૮૭૧).